



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 284 | AD - 2025, Ashadh Vad-08 | Friday, Dt.18-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## વિધાનસભાની ચૂંટણી પહેલા મતદારોને રીઝવવાનો પ્રયાસ

# દર મહિને ૧૨૫ યુનિટ મફત વીજળી આપવાની નીતિશકુમારની જાહેરાત

પટણા,તા.૧૭

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગુરુવારે સવારે રાજ્યના લોકો માટે એક મોટી જાહેરાત કરી છે. નીતિશે જાહેરાત કરી છે કે ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી, બધા ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધી મફત વીજળી આપવામાં આવશે. એટલે કે, આ નિર્ણય જુલાઈ મહિનાના બિલથી અમલમાં આવશે. નીતીશ સરકારના આ નિર્ણયથી બિહારના ૧ કરોડ ૬૭ લાખ પરિવારોને સીધો ફાયદો થશે. આ સાથે, સરકારે એ પણ નિર્ણય લીધો છે કે આગામી ૩ વર્ષમાં આ પરિવારોના ઘરોની છત પર અથવા નજીકના જાહેર સ્થળો પર સૌર ઉર્જા પ્લાન્ટ લગાવવામાં આવશે, જેનાથી વીજળીની ઉપલબ્ધતામાં વધુ વધારો થશે. મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમના સત્તાવાર એકસ હેન્ડલ પર આ નિર્ણયની માહિતી શેર કરી અને લખ્યું,



'અમે શરૂઆતથી જ દરેકને સસ્તા દરે વીજળી પૂરી પાડી રહ્યા છીએ. હવે અમે નિર્ણય લીધો છે કે ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી, એટલે કે જુલાઈ મહિનાના બિલમાંથી, રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધીની વીજળી માટે કોઈ પૈસા ચૂકવવા પડશે નહીં. આનાથી રાજ્યના કુલ ૧ કરોડ ૬૭ લાખ પરિવારોને ફાયદો થશે. અમે એ પણ નક્કી કર્યું છે કે આગામી ત્રણ વર્ષમાં, આ બધા ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમના ઘરની છત પર અથવા નજીકના જાહેર સ્થળે સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને લાભ આપવામાં આવશે.' મુખ્યમંત્રીએ તેમના ટ્વિટમાં આગળ લખ્યું, 'કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપિત કરવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે અને બાકીના માટે સરકાર યોગ્ય સહાય પણ પૂરી પાડશે. આ સાથે, ઘરેલુ ગ્રાહકોને હવે ૧૨૫ યુનિટ સુધી વીજળીનો ખર્ચ થશે નહીં, તેમજ એક અંદાજ મુજબ, આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦ હજાર મેગાવોટ સુધીની સૌર ઉર્જા ઉપલબ્ધ થશે. ' નીતીશ સરકારનો આ નિર્ણય વીજળી બિલમાં તો રાહત આપશે, સાથે સૌર ઉર્જા ક્ષેત્રે બિહારને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પણ એક મોટું પગલું છે. સરકાર આગામી ૩ વર્ષમાં ૧૦૦૦૦ મેગાવોટ સૌર ઉર્જા ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખે છે. કુટીર જ્યોતિ યોજના હેઠળ, ગરીબ પરિવારો માટે સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપવાનો ખર્ચ સરકાર સંપૂર્ણપણે ઉઠાવશે, જ્યારે અન્ય પરિવારોને પણ આ યોજનામાં યોગ્ય સહાય આપવામાં આવશે. આનાથી વીજળીની બચત થશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. બિહારમાં ૨૦૨૫ના અંતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, અને નિષ્ણાતો માને છે કે મફત વીજળીની આ યોજના નીતિશ કુમારની પાર્ટી જેડીયુ અને તેમના સહયોગી એનડીએ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. બિહાર જેવા રાજ્યમાં, જ્યાં વીજળીના બિલ ઘણા પરિવારો માટે મોટો ખર્ચ છે, ત્યાં ૧૨૫ યુનિટ મફત વીજળીની સુવિધા ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં મતદારોને આકર્ષિત કરી શકે છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને આ યોજનાનો સૌથી વધુ ફાયદો થશે, જે નીતિશ સરકારની તરફેણમાં વાતાવરણ બનાવી શકે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ચૂંટણી વર્ષમાં યોજનાઓ અને નોકરીઓનો ડબ્બો ખોલ્યો છે.

### ચૂંટણી પહેલા નિતિશકુમાર ૧૬ હજાર કરોડની લોન માટે આરબીઆઈના શરણે

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ચૂંટણી વર્ષમાં યોજનાઓ અને નોકરીઓનો ડબ્બો ખોલ્યો છે. આ યોજનાઓ પૂર્ણ કરવા માટે, નીતિશ આરબીઆઈના આશ્રયમાં પહોંચ્યા છે. સરકારે રિઝર્વ બેંકને ૧૬ હજાર કરોડની લોન માટે અપીલ કરી છે. નીતિશ સરકારે જુલાઈથી સપ્ટેમ્બર સુધી એટલે કે ચૂંટણી પહેલા લોન આપવાની અપીલ કરી છે. સરકારના મંત્રીઓ કહી રહ્યા છે કે આ લોન બિહારના હિતમાં છે, જ્યારે વિપક્ષ કહી રહ્યા છે કે સરકાર લોન લઈ રહી છે અને ઘી પી રહી છે અને ચૂંટણી પછી તેમનું પાચન બગડી જશે. બધી યોજનાઓ બંધ થઈ જશે. નીતિશ સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા જે રીતે બોક્સ ખોલ્યું છે, તેથી સરકારી તિજોરીમાં પણ પૈસાની જરૂર પડશે. રાજ્યના મર્યાદિત મહેસૂલ સ્ત્રોતોમાંથી આ વધારાની રકમની વ્યવસ્થા કરવી શક્ય નથી. તેથી, સરકારે રિઝર્વ બેંકનો દરવાજો ખટખટાવ્યો છે. જોકે, સરકારના મંત્રીઓ કહી રહ્યા છે કે સરકાર કાયદા દ્વારા નિર્ધારિત મર્યાદામાં જ લોન લઈ રહી છે.

## દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ, પૂરની સ્થિતિનું નિર્માણ

નવીદિલ્હી,તા.૧૭

દેશના વિવિધ રાજ્યોમાં ચોમાસાની ઋતુની અસર જોવા મળી રહી છે. એક તરફ, ઘણા રાજ્યોમાં સતત વરસાદ પડી રહ્યો છે. તે જ સમયે, દિલ્હી એનસીઆરમાં પણ વચ્ચે-વચ્ચે વરસાદ જોવા મળી રહ્યો છે. સતત વરસાદને કારણે નદીઓ પણ પૂરમાં છે. આ દરમિયાન, દેશના ઘણા રાજ્યોમાં પણ ચોમાસુ તબાહી મચાવી રહ્યું છે. હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં વરસાદની ચેતવણી જારી કરી છે. વિભાગે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, કેરળ અને કર્ણાટક માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત, હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી-એનસીઆરમાં યલો એલર્ટ જારી કર્યું છે, જ્યારે ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઓડિશા અને બંગાળમાં પણ આફત જોવા મળશે. અહીં હવામાન વિભાગે વરસાદની ચેતવણી જારી કરી છે.

પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુરમાં પૂરને કારણે પરિસ્થિતિ ગંભીર છે. જિલ્લામાં લગભગ ૨ લાખ લોકો પૂરથી પ્રભાવિત છે. તે જ સમયે, સેંકડો એકર ખેતરો ડૂબી ગયા છે. સતત વરસાદને કારણે, નદીઓ પૂરમાં છે અને ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. બિહારમાં સતત વરસાદને કારણે, ફાલ્ગુ નદી, મુહાણે નદી સહિત ઘણી નદીઓ ભયજનક સ્તરથી ઉપર વહી રહી છે, જેના કારણે બોધગયાના ઘણા ગામોમાં પૂરનું પાણી ઘૂસી ગયું છે. સેંકડો ઘરો પાણીમાં ડૂબી ગયા છે અને ગ્રામજનોને સલામત સ્થળોએ આશ્રય લેવાની ફરજ પડી છે. જોકે, આ અંગેની માહિતી મળતા જ SDRFએ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.
















# વડીયાના ઢૂંઢિયાપીપળીયાની પ્રાથમિક શાળાનું જર્જરિત બિલ્ડિંગ નવું ક્યારે બનશે?

કુંકાવાવ, તા.૧૭

અમરેલી જિલ્લાના વડીયાની ભાગોળે આવેલા ઢૂંઢિયાપીપળીયા ગામની સરકારી પ્રાથમિક શાળામાં સામાન્ય પરિવારના બાળકો અભ્યાસ કરે છે. બાળકો અભ્યાસ કરે તે શાળાના જર્જરિત બિલ્ડીંગના છ રૂમ સ્લેબ વાળા, મધ્યાન ભોજન યોજનાનું રસોડું અને બે સેનીટેશનને પાડવા માટેની ટીપીઓની દરખાસ્ત કરવામાં આવી હતી. તેને મદદનીશ ઈજનેરના અભિપ્રાયના આધારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ઠરાવ કરીને



બિલ્ડીંગને ડિમોલેશન કરવાની મંજૂરી ૨૭/૦૪/૨૦૨૩ના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ લેખિતમાં આપી હતી. આજે તેના બે વર્ષ વીતી ચુક્યા છે પરંતુ આ જર્જરિત બિલ્ડીંગ હજુ અડીખમ નિર્દોષ વિદ્યાર્થીઓના ભોગની રાહમાં ઉભું છે. ત્યારે આ બિલ્ડીંગને પાડીને સુવિધા સંપન્ન બિલ્ડીંગનું નિર્માણ કોણ અને ક્યારે કરાવશે તેવા પ્રશ્નો ગ્રામજનો પૂછી રહ્યા છે. આ જ પ્રાથમિક શાળામાં બાલમંદિર થી ધોરણ આઠ સુધીનું શિક્ષણ ફક્ત ત્રણ જ શિક્ષકો દ્વારા આપવામાં આવે છે ત્યારે ઘટતા શિક્ષકોની જગ્યા ભરવી પણ અનિવાર્ય બની છે.

# બગસરા તાલુકાના પટેલ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

અમરેલી, તા.૧૭

સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ, તાલુકા સંગઠન-બગસરા દ્વારા બગસરા તાલુકાના પટેલ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવા અંગેના કાર્યક્રમનું આયોજન આગામી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન બગસરાના ગોકુલપરા, પટેલવાડી ખાતે કરવામાં આવનાર છે. આ સન્માન સમારોહમાં ભાગ લેવા માટે, ધોરણ-૫ થી ૮ માં ૮૦% (A+) થી વધુ, ધોરણ-૯ થી ૧૦ તથા ધોરણ-૧૨ માં ૭૫% થી વધુ, ધોરણ-૧૨ સાયન્સમાં ૭૦% થી વધુ તેમજ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૫૫% થી વધુ ગુણ મેળવેલા હોય તેવા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. આ ઉપરાંત, મેડિકલ તથા એન્જીનીયરીંગ, ફાર્મસી, સી.એ., પી.એચ.ડી. વગેરેમાં ફાઈનલ ડિગ્રી મેળવેલ હોય અને સને ૨૦૨૫ના વર્ષમાં પરીક્ષા પાસ કરેલ હોય તેવા બગસરા તાલુકાના લેઉવા પટેલ સમાજના વિદ્યાર્થીઓ (જેઓ બગસરા તાલુકામાં અભ્યાસ કરતા હોય અથવા બહારગામ અભ્યાસ કરતા હોય) તેમની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ પુરા નામ સરનામા તથા મોબાઈલ નંબર સાથે તા. ૬-૮-૨૦૨૫ સુધીમાં નીચેના સરનામે પહોંચતી કરવા શ્રી સરદાર પટેલ સોશ્યલ ગ્રુપના પ્રમુખ પ્રદિપભાઈ નાકરાણીએ તેમની યાદીમાં જણાવ્યું છે. અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સરદાર પટેલ સરકારી મંડળી લી. અને સરદાર ભવન, ગોકુલપરા પટેલવાડી પાસે, બગસરા ખાતે માર્કશીટ પહોંચાડવાની રહેશે.

# કેરીયાચાડમાં ઉપસરપંચ તરીકે નીરૂભાઈ ધાખડા બિનહરીફ



અમરેલી,તા.૧૭

સમગ્ર રાજય સહિત અમરેલી જિલ્લામાં તાજેતરમાં ગ્રામ પંચાયતની ચૂંટણી સંપન્ન થઈ હતી. જેમાં અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામે નીરૂભાઈ ભાભલુભાઈ ધાખડાની ઉપસરપંચ પદે બિનહરીફ વરણી કરવામાં આવી છે. નીરૂભાઈ ધાખડા ઉપસરપંચ બનતા તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષસ્થાને સલાહકાર સમિતિની બેઠક

અમરેલી,તા.૧૭

અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવા અને પી.એન.ડી.ટી



એક્ટના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. નવા રજિસ્ટ્રેશનને બહાલી આપવામાં આવી હતી. બેઠકમાં તાલુકા વાઈઝ વિવિધ મુદ્દે સમીક્ષા કરવામાં આવી હતી. સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃત્તિના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવા અને દરેક રજિસ્ટર્ડ ક્લિનિકનું વેરિફિકેશન કરવા સૂચના આપવામાં આવી છે. બેઠકમાં IMA અમરેલીના પ્રમુખ ડૉ. ગજેરા, પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે બાળકોની આરોગ્ય તપાસણી કરાઈ

અમરેલી તા ૧૭



અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયાના મેડિકલ ઓફિસર પલવીબેન ઠુંમર, ડો. કિરણબેન શેલડીયાના સીધા માર્ગદર્શન નીચે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ગોખરવાળા પ્રાથમિક શાળાના બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. બાળકોનું વજન ઊંચાઈ BMIની તપાસ, હિમોગ્લોબિનની તપાસ તેમજ ૧૦ વર્ષના બાળકોને ટીડી વેક્સિન આપવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં શાળાના શિક્ષકોનો સારો એવો સહયોગ મળ્યો હતો.

# સાવરકુંડલાના નેસડી ગામે મહેશ કસવાલાના હસ્તે કવચ વનનું લોકાર્પણ

અમરેલી તા ૧૭

સાવરકુંડલાના નેસડી ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે કવચ વનનું પૂ.લવજીબાપુની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વન કવચ પ્રોજેક્ટ હેઠળ કુલ પાંચ એકરમાં ૧૫૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ તકે સાવરકુંડલા પાલિકા



પ્રમુખ મેહુલ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા તેમજ વન વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

**બાબરાના લુણકી ગામની ઘટના**

# સરપંચના પતિએ બાકી પંચાયત વેરો ભરવાનું કહેતા ફટકાર્યો

**ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી થાય તે કરી લેવા કહ્યું**

બાબરા, તા.૧૭

બાબરાના લુણકી ગામે સરપંચના પતિએ પંચાયતનો બાકી વેરો ભરવાનું કહેતા ગાળો બોલી થાય તે કરી લેજો તેમ કહી માથાકૂટ કરી હતી.

ઉપરાંત ખોટા કેસમાં ફસાવી દઈશ તેવી ધમકી પણ આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# મજબુતભાઈ બસીયાના પિતાનું નિધન થતા સંતો-મહંતોએ શ્રધ્ધાંજલિ પાઠવી

અમરેલી,તા.૧૭

આંતરારાષ્ટ્રીય હિન્દુ પરિષદ, કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી અને સામાજિક આગેવાન મજબુતભાઈ બસીયાના પિતા જીલુભાઈ બસીયાનું દુ:ખદ અવસાન થતા બસીયા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. જીલુભાઈ બસીયાના નિધનના સમાચાર મળતા જ



શહેરના અગ્રણીઓએ જીલુભાઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી તેમજ ચલાલા દાનબાપુની જગ્યાના પૂ.મહાવીરબાપુ, સત્તાધારની જગ્યાના મહંત પૂ.વિજયબાપુ સહિતના સંતો-મહંતોએ પણ જીલુભાઈ બસીયાને અશ્રુભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# જામ બરવાળા ખાતે સ્વ.પ્રેમજીભાઇ નાકરાણીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન અને સર્વ નિદાન કેમ્પ યોજાશે

બાબરા, તા.૧૭

બાબરા તાલુકાના જામ બરવાળા ગામના પૂર્વ સરપંચ અને જિલ્લા ભાજપ જિલ્લા કિસાન મોરચાના પૂર્વ પ્રમુખ સ્વ. પ્રેમજીભાઈ ભીખાભાઈ નાકરાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે નાકરાણી પરિવાર દ્વારા તા.૨૨-૭-૨૦૨૫ ને મંગળવારના રોજ જામ બરવાળા ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે મહારક્તદાન કેમ્પ તેમજ નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં નામાંકિત ડોક્ટર સેવા આપશે. આ કેમ્પમાં બાબરા શહેર અને તાલુકાની જનતાને લાભ લેવા બેચરભાઈ પ્રેમજીભાઈ નાકરાણી, જગદીશભાઈ પ્રેમજીભાઈ નાકરાણી, સરપંચ જામ બરવાળા અને પરિવારજનોએ જાહેર આમંત્રણ આપ્યું છે. આ કેમ્પમાં સહયોગ અને સેવાઓ શ્રી સરદાર પટેલ સોશ્યલ ગ્રૂપ બાબરા, યુવા પટેલ સોશ્યલ ગ્રૂપ બાબરા, નિલકંઠ યુવક મંડળ બાબરા, ભગતસિંહ યુવા સમિતિ બાબરા, વેલનાથ પ્રગતિ મંડળ બાબરા, શ્રવણ યુવક મંડળ બાબરા, માંધાતા ગ્રૂપ કરીયાણા, ઠાકોર શેના મામાદેવ મંડળ ગ્રૂપ કરીયાણા, ખોડિયાર મંડળ કરીયાણા, સત્સંગ મંડળ કરીયાણા સેવા આપશે. આ કેમ્પમાં સાધુસંતો તેમજ રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# લીલીયા મોટામાં ગ્રા.પં. દ્વારા નબળી કામગીરી મુદ્દે TDOને ફરિયાદ



લીલીયા,તા.૧૭

લીલીયા મોટા ગ્રામ પંચાયતના સદસ્ય શબ્બીર દલ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને એક પત્ર પાઠવવામાં આવેલ છે. પત્રમાં જણાવેલ કે લીલીયા મોટા ગામે હાલ વિકાસ કામો શરૂ છે જેમાં આદર્શ સોસાયટીમાં સી.સી રોડનું કામ, તુષારભાઈ ધોરાજીયાના ઘર પાસે સી.સી રોડનું કામ, અમૃતબા હાઈસ્કૂલમાં શૌચાલયનું કામ, તાલુકા પંચાયતની બહાર શૌચાલયનું કામ તેમજ ગોપાલ ગૌશાળા પાસે શૌચાલયના કામમાં ખૂબ જ નબળી ગુણવત્તાવાળો સામાન વપરાતો હોય આ બાબતની તપાસ થવી જોઈએ.









## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ શ્રી ધ્રુવી રાજેભાઈ લશ્કરી રહે, વીરપુર, ચાવંડ, અમરેલી, કે જેઓ, તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ નોટરાઈઝ બાનાખત સી.નં.૫૦૨૪ થી કરી રહેણાંક મકાન મિલ્કત, ખરીદ કરવા માંગતા હોય, સદરહુ મકાન મિલ્કત અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં હનુમાનપરા રોડ રસ્તે "શીવલીલા રેસીડેન્સી" માં આવેલ રે.સ.નં. ૧૫૦ પૈકી ૧ ની જમીન મે.કલેકટર સાહેબ અમરેલીના હુકમ નં. ચિ/જમન/૧/વશી/૧૭૦/બખપ/એસ.આર/૬૫/૧૮/૧૦/૧૧ તા.૨૪/૦૧/૨૦૧૧ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ છે. જેનો લે અઉટ-પ્લાન મે.નગર નિયોજકશ્રી અમરેલીના પત્ર નં.ડેવ/અમરેલી/૧૪૫૮ તા.૧૪/૧૦/૨૦૧૦ થી મંજુર થયેલ છે. તે માહેના આવેલા પ્લોટ નં.૮૪ અને ૮૫/૨માં આવેલ રહેણાંક મકાન જેના પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૪૮–૦૦ ચો.મી છે તેમજ બાંધકામ ક્ષેત્રફળ ૭૫-૦૮ ચો.મી છે જેમા ગ્રાઉન્ડ ફલોર પર ફળી, હોલ, કિચન, બેડરૂમ, ટોઈલેટ-બાથરૂમ તથા ફસ્ટ ફલોર પર બે બેડરૂમ, બે ટોઈલેટ-બાથરૂમ બાલકની તથા દાદર આવેલ છે.

સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક મગનભાઈ ખોડાભાઈ તળાવીયા વીગેરેની વડીલોપાર્જીતની હતી ત્યારબાદ વારસાઈનાતે તેમના સયુક્ત માલીકી હકકે આવેલ છે અને તેના નામેજ બીનખેતીમાં ફેરવાયેલ છે. ત્યાર બાદ તેની પાસેથી તેના કુલ મુખત્યાર પોતે જાતે નં. ૧ મગનભાઈ ખોડાભાઈ તળાવીયા તથા નં. ૨ થી ૪ ના કુલ મુખત્યાર દરજજે, તેની પાસેથી અમીત ચંદ્રકાંતભાઈ શીંદેએ તા.૦૨/૦૬/૨૦૧૧ના રોજ રજી.વે.દ.નં.૨૬૨૦થી પ્લોટ નં.૮૪ તથા ૮૫ વેચાણ રાખેલ છે. ત્યારબાદ તેઓ પાસેથી સદર પ્લોટ નં.૮૪ તથા ૮૫ વાળી મિલ્કત ભાનુબેન નનુભાઈ પડસાળાએ તા.૨૯/૧૧/૨૦૧૩ના રોજ રજી.વે.દ.નં૩૯૮૬થી વેચાણ રાખેલ છે ત્યારબાદ તેઓ પાસેથી સદર પ્લોટ નં.૮૪ તથા ૮૫ સાથે પ્લોટ નં.૧૨૬ સાથેની પ્લોટ મિલ્કત નિરાલી દિવ્યેશભાઈ ગોજારીયાએ તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ રજી.વે.દ.નં.૩૧૨૮થી વેચાણ રાખેલ છે તેઓ પાસેથી સદરહુ પ્લોટ નં.૮૪ તથા ૮૫ ના એકત્રીકરણ થયા બાદ તેના સબ પ્લોટ પૈકીના પ્લોટ નં.૮૪ અને ૮૫/૨ વાળી મકાન મિલ્કત અમારા ઉપરોકત અસીલ શ્રી ધ્રુવી રાજેભાઈ લશ્કરી નોટરાઈઝ બાનાખત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ સી.નં.૫૦૨૪ થી કરી રહેણાંક મકાન મિલ્કત, ખરીદ કરવા માંગતા હોય, તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યકરનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૭/૦૭/૨૦૨૫.
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી

# ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

**પોલીસે પ્રેમપરાના શખ્સ પાસેથી મોબાઇલ ઝડપી પાડ્યો**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાંથી વારંવાર મોબાઈલ ચોરીની ઘટનાઓ બનવા પામે છે.

આ મોબાઈલ ચોરીની ઘટનાઓને રોકવા માટે પોલીસ કડક હાથે કામ કરી રહી છે. અમરેલી જિલ્લાની પોલીસ ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરી મોબાઈલ ચોરને ઝડપી પાડવા માટે કડક કાર્યવાહી કરી રહી છે. જેમાં ચલાલા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા મોબાઈલ ચોરીના અણઉકેલ ગુનામાં મોબાઈલ ચોરને ઝડપી પાડી પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ભીખા પુના સાકરીયા (ઉં.વ. ૬૫) રહે. પ્રેમપરા તા. વિસાવદરના શખ્સને ઝડપી પાડી તેની પાસેથી રૂ. ૯૯૯૯ ની કિંમતનો રીયલ-મી કંપનીનો મોબાઈલ કબજે લીધો હતો. આ કામગીરી ચલાલા પોલીસના પીઆઈ જી.આર. વસૈયાના માર્ગદર્શન નીચે કરવામાં આવી હતી.



# અમરેલી-દલખાણીયા, બગસરા-ચલાલાના માર્ગનું સમારકામ પૂર્ણતાના આરે

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના ધારી દલખાણીયા રોડનું સીલકોટ મટિરિયલથી અને રોલિંગ દ્વારા સમારકામ કરવામાં આવી રહ્યું છે, હાલ આશરે ૧૩ કિલોમીટર લાંબા આ રોડની ૪૦ ટકા મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ સંદર્ભમાં ધારી માર્ગ અને મકાન (રાજ્ય) પેટા વિભાગના નાયબ કાર્યપાલક હિરેન સોલંકીએ જણાવ્યું કે, હાલમાં અમરેલી - દલખાણીયા ઉપરાંત ધારી- કોઠા પીપરીયા રસ્તાની મરામત કામગીરી કરવામાં આવી રહી છે અને બગસરા-ચલાલા માર્ગની મરામત કામગીરી પૂર્ણ કરી દેવામાં પણ આવી છે. તેમણે કહ્યુ કે, જીરા - નાગધ્રા- લાખાપાદર રસ્તાની પણ સંભવિત તા.૧૯ જુલાઈથી મરામત કામગીરી શરુ કરાશે. ધારી - દલખાણીયા રોડની હયાત ૩.૫૦ મીટર પહોળાઈ વધારી ૭ મીટર કરવામાં આવશે તથા બગસરા-ચલાલા રોડનું વાઈડનિંગ કરવામાં આવશે, જેની હયાત ૭ મીટર પહોળાઈ છે. આ ઉપરાંત ધારી - કોઠા પીપળીયા - ભાડેર રોડ મંજૂર કરવામાં આવ્યો છે, જેની કામગીરી પણ ચોમાસા બાદ શરુ થશે.



# અમરેલીના રોકડીયાપરામાં રાશનનો જથ્થો ઝડપાયો: ૩૬.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા.૧૭

અમરેલીના રોકડીયાપરામંથી રાશનનો ઘઉં-ચોખાનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે કુલ ૩૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલીના ઈન્ચાર્જ મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ હરેશભાઈ એમ. તલાટીએ જુની સબ જેલ સામે રહેતા સાહીરભાઈ રહીમભાઈ મેતર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ સમાજના ગરીબ અન મધ્યમ વર્ગના લોકોના જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઘઉં તથા ચોખા રેશનકાર્ડ ધારકોને ઈસ્યુ કરવામાં આવતો જથ્થો તેના આર્થિક ફાયદા માટે તેના ગોડાઉનમાં રાખ્યો હતો. જ્યાંથી ૬૩૭૦ કિલો ઘઉં, ૨૫૨૬૫ કિલો ચોખા તથા ટ્રક મળી ૩૫,૫૭,૩૨૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલભાઈ વિનુભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાયન્સ કલબ દ્વારા ભુરખીયામાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૭

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ, ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે ૬૮મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું દીપપ્રાગટ્ય મંદિર ટ્રસ્ટના વ્યવસ્થાપક દેવજીભાઈ સિંધવે કરેલ હતું. આ કેમ્પમાં આંખના વિવિધ રોગના દર્દીઓની તપાસ નિષ્ણાત ડોક્ટરે કરી હતી. આ ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતી. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં ૧૪૯ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૩ દર્દીઓને અમરેલીના સુદર્શન નેત્રાલયમાં લાવીને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતી. ૨૬ વ્યક્તિઓને ચશ્માનું વિતરણ પણ કરાયું હતું.




# સાવરકુંડલાની વી.ડી.ઘેલાણી કોલેજમાં એક દિવસનો એનએસએસ કેમ્પ યોજાયો



અમરેલી,તા.૧૭

સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજના એન. એસ.એસ વિભાગ દ્વારા બુધવારના રોજ એન.એસ.એસનો વન-ડે કેમ્પ યોજાયો જેમાં કોલેજની સ્વયંસેવિકા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં, કોલેજનું મેદાન, ઓફિસો, ક્લાસરૂમ, પ્રાર્થના હોલ, લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબ વગેરેની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી. આ તકે કોલેજનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# લાઠીના દહીંથરા પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

દામનગર તા ૧૭

લાઠી તાલુકાના દહીથરા ગામે આવેલી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનો આરોગ્ય તપાસણી કેમ યોજાયો હતો. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તાલુકા હેલ્થ ઓફીસર ડો.આર. આર. મકવાણાના માર્ગદર્શન નીચે ડો. હરિવદન પરમાર, ડો મિતલ સેલિયા સહિતના આરોગ્ય કર્મચારીઓએ તમામ વિદ્યાર્થીઓની વજન, ઉંચાઈ તેમજ પોષણક્ષમની તપાસ કરી હતી. જરૂરીયાતવાળા બાળકોને તપાસ અર્થે આગળ મોકલવામાં આવ્યા હતા.




# રાજુલા શહેરમાં લોકોની સુખાકારી અને વરસાદ માટે કુંભનાથ મહાદેવ મંદિરે હવન યોજાયો

રાજુલા,તા.૧૭

રાજુલા શહેરમાં આવેલા કુંભનાથ મંદિર ખાતે સમસ્ત મહાજન કમિટી દ્વારા ચોમાસામાં સારો વરસાદ અને લોકોની સુખાકારી માટે હવન યજ્ઞ કરવામાં આવે છે. આ તકે રાજુલા શહેરના વેપારીઓ દ્વારા બપોરે ૨.૦૦ વાગ્યા બાદ સ્વૈચ્છિક રીતે પોતાના ધંધા રોજગાર બંધ રાખીને મંદિરે આ હવનના દર્શનનો લીધો હતો. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા તમામ દર્શનાર્થીઓને શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમસ્ત મુસ્લિમો દ્વારા સમાજમાં એકતા માટે બંદગી કરવામાં આવે છે.



તસવીર : ગોપાલ રાઠોડ




## અવસાન નોંધ

**દામનગર**

કુબરાબેન મ.હાજી બદરુદ્દીનભાઈ માંકડા (લાતીવાલા) ઉ.વ.૮૦ તે ઇકબાલભાઈ, હુસેનભાઇ તથા અલીઅસગરભાઈના માતૃશ્રી તા.૧૬-૦૭-૨૦૨૫ ને બુધવારના રોજ વફાત થયાં છે. મરહુમાના જયારત-ફાતેહા તા.૧૮-૦૭-૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે : ૧૧-૩૦ કલાકે દામનગર ખાતે રાખેલ છે.

**રાજકોટ**

બ્રહ્મક્ષત્રિય સ્વ.ખુશાલદાસ કાનજીભાઈ પડિયા વસાવડ વાળાના પત્ની વસંતબેન ઉંવ.૯૦ તેઓ ગિરીશભાઈ, ભરતભાઈ, દક્ષાબેન જગડ, રશ્મિબેન નિર્મળ, ચંદ્રિકાબેન લીયાના માતુશ્રીનું તા.૧૬/૭/૨૫ના અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા તા.૧૯/૭/૨૫ સાંજે ૪.૩૦થી ૬ કલાકે કચ્છી લોહાણા મહાજન વાડી જુનો મોરબી રોડ ધોળકિયા સ્કૂલ બાજુ રાજકોટ ખાતે રાખેલ છે.

## નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર શેરબાનુબેન કરીમભાઈ રાઠોડ જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ શેરબાનુ અબ્દુલકરીમ રાઠોડ બદલાવીને શેરબાનુબેન કરીમભાઈ રાઠોડ રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ શેરબાનુબેન કરીમભાઈ રાઠોડ તરીકે ઓળખાઈશ

સહી : શેરબાનુબેન કરીમભાઈ રાઠોડ
સરનામું : મફત પ્લોટ, તુર્કી મોહલ્લા, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦

## છઠી વાર્ષિક પુણ્યતિથિ
## શ્રદ્ધાંજલી



જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા,
દુઃખને દેખાડયું નહીં સુખમાં ને છલકાયા નહીં, શુન્યમાંથી
સર્જન કરી ધર્મ-કર્મ સેવા થકી કુટુંબ માટે ફુલો પાથરી ગયા
અને પાંપણના પલકારે સ્વર્ગ રાહે ચાલ્યા ગયા...
આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે.

**સ્વ. ભરતભાઈ આલજીભાઈ દાફડા**
જન્મ તા.૧-૦૬-૧૯૮૦ , સ્વ તા. ૧૮-૭-૨૦૧૯

લી.

દાફડા કાન્તાબેન -મમ્મી
દાફડા અરૂણાબેન - પત્ની
ચાવડા લીલાબેન -બેન
ચાવડા નિશા -ભાણેજ
દાફડા આલજીભાઈ -પપ્પા
દાફડા ઈશિતા - દિકરી
ચાવડા કરશનભાઈ -બનેવી
ચાવડા મિલન -ભાણેજ

દાફડા પરિવાર -જયભીમ- ગજેરાપરા, અમરેલી

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૮૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી જેસિંગભાઈ કાળાભાઈ ભેડા
રહે.કડવાસણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જે.બી.રાઠોડ તથા આ.વી.ગોહિલ, વકીલ હાઉસ, કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડવાસણ ગામના રહીશ જેસિંગભાઈ કાળાભાઈ ભેડા તથા લાભુબેન જેસિંગભાઈ ભેડા નો પુત્ર કેતનકુમાર જેસિંગભાઈ ભેડા નો જન્મ તા. ૧૨/૧૦/૧૯૯૧ માં કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સિંધાજ ગામના સને.૧૯૯૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૯૩/૨૦૨૫
મુદત તા. ૨૧/૦૮/૨૦૨૫

**અરજદાર :** ચૌહાણ મનુભાઈ ભાણાભાઈ ઉ.વ.૫૫
રહે. ખાંભા, તા. ખાંભા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :** જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ખાંભા, તા. ખાંભા, જિ. અમરેલી
અરજદારના વિ.વકીલશ્રી : એ.બી.ઉનાગર

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના બહેનશ્રી નીરૂબેન ભાણાભાઈ ચૌહાણ નો જન્મ તા. ૦૧/૦૫/૧૯૭૧ ના રોજ મોજે ગામ: ખાંભા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની બહેનની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૨૧/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/ અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૪ 'મી, માહે જુલાઈ, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| સહી | | સહી | સહી |
| (આર.વી.ચૌહાણ) | | (કે.પી.રામોલીયા) | (એ.એસ.દવે) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર ખાંભા |

## લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી.

જન્મ/મરણ પ.અ.નં. ૬૨/૨૦૨૫

**અરજદાર :-** અમિતાબેન વલ્લભભાઈ બોરસાણીયા (તે દેત્રુજા કપિલકુમાર કાંતિલાલના પત્ની) રહે.મતીરાળા તા.લાઠી જી.અમરેલી.
અરજદાર તર્ફે એડવોકેટ એચ.કે.કોટડીયા રહે.લાઠી.

**- //વિરૂધ્ધ//-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી મતીરાળા ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મતીરાળા ગામના રહીશ અમિતાબેન વલ્લભભાઈ બોરસાણીયાએ તેમનો જન્મ મતીરાળા મુકામે તારીખ ૦૧ / ૦૬ / ૧૯૮૭ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી અમિતાબેન વલ્લભભાઈ બોરસાણીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૭ માં થયેલ નથી. હાલ સરકારી કામકાજ તેમજ શિક્ષકની ભરતીના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો /તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૨૪ / ૦૭ / ૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ ::- લાઠી**
**તારીખ ::- ૧૭/૦૭/૨૦૨૫**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૮/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી રસીલાબેન ભીમજીભાઈ પાનસુરીયા તે વા/ઓ રમેશભાઈ ગજેરા મું.બાંભણીયા, તા. વડીયા, જિ. અમરેલી
**એડવોકેટશ્રી વિજય કે. સરવૈયા મો.- ૯૦૧૬૭ ૭૨૨૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રસીલાબેન ભીમજીભાઈ પાનસુરીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ મુ.સનાળી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

# ખારીથી ચારણપીપળી વચ્ચેના બ્રિજનું ધોવાણ થતાં સમારકામ કરાયું



અમરેલી,તા.૧૭

બગસરા તાલુકાના ખારી-ચારણપીપળી ગામને જોડતા ૨૮ મીટર લાંબા માઈનોર બ્રિજની તપાસણી દરમિયાન પાયાના ભાગે ભારે વરસાદના પગલે ધોવાણ થયું હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આ બ્રિજના પાયાના ભાગે વરસાદી કે પૂરના પાણીથી નુકસાન ન થાય તે માટે પથ્થરો મૂકીને જરુરી સમારકામ કરવામાં આવ્યું છે. ખારી ગામના પાદરમાં જ આવેલા આ બ્રિજના પાયાના મજબૂતીકરણ માટેની કામગીરીની વિગતો આપતા માર્ગ અને મકાન પંચાયત કુંકાવાવ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.એમ. ચાવડાએ જણાવ્યુ કે, ૪ સ્પાન ધરાવતા આ બ્રિજના પાયાના ભાગે વરસાદથી ધોવાણ થયું છે. તેનું આજે રબલ એટલે કે મોટા પથ્થર પાયાના ભાગે મૂકીને સમારકામ કરવામાં આવી રહ્યું છે. પાયાના ભાગે મોટા પથ્થર મૂકીને તેના ઉપર સીસી એપ્રોન કરવામાં આવશે. જેથી ભવિષ્યમાં થનાર ધોવાણ પણ અટકશે.

# વડીયામાં આવેલી કન્યા વિદ્યાલયમાં શિક્ષકો ભરવા માટે વિકાસ સમિતિની રજૂઆત



અમરેલી તા ૧૭

વડીયા શહેરમાં આવેલી એ.હી. કન્યા વિદ્યાલયમાં શિક્ષકોનો પૂરતો સ્ટાફ ન હોવાથી વડીયા વિકાસ સમિતિ દ્વારા રાજ્યના શિક્ષણ મંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો છે. વડીયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદભાઈ ડોડીયાએ શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાને પત્ર પાઠવી જણાવ્યું છે કે વડીયામાં આવેલી એ.હી. કન્યા વિદ્યાલયમાં અંદાજે ૩૦૦ જેટલી બાળાઓ અભ્યાસ કરે છે પરંતુ આ શાળામાં શિક્ષકોની સંખ્યા પૂરતી ન હોવાથી વિદ્યાર્થિનીઓનો અભ્યાસક્રમ પૂરો થતો નથી જેના કારણે વિદ્યાર્થિનીઓને જોઈએ તેવી સફળતા મળતી નથી. આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની ભરતી કરવામાં આવતી નથી. જેથી વિદ્યાર્થીનીઓના હિતને ધ્યાનમાં રાખી ખાલી પડેલી જગ્યામાં શિક્ષકોની તાત્કાલિક ભરતી કરવામાં આવે તો વિદ્યાર્થિનીઓને ધાર્યું પરિણામ મળી શકે તેમ અંતમાં જુનેદભાઈ ડોડીયાએ જણાવ્યું હતું.

# ચલાલામાં નિવેદ મુદ્દે બોલાચાલી કરી મહિલાએ અન્ય મહિલાને ધમકી આપી

**જાહેરમાં ગાળો બોલી બિભત્સ વર્તન કર્યું**

ચલાલા, તા.૧૭

ચલાલામાં એક મહિલાએ બીજી મહિલાએ સુરાપુરા દાદાના નિવેદ બાબતે બોલાચાલી કરી ગાળો બોલીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે પ્રિયંકાબેન જયેશભાઈ મકવાણા (ઉ.વ.૨૯)એ નીતાબેન નીતિનચંદ્ર મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમની સાથે સુરાપુરા દાદાના નિવેદ બાબતે બોલાચાલી કરી ગાળો આપી હતી. તેમજ જાહેરમાં બિભત્સ વર્તન કરી માથાકૂટ કરી હતી. ઉપરાંત સાહેદોને પણ ગાળો આપી, ખોટા કેસમાં ફસાવી દેવાની, પગ ભાંગવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

**અગાઉ થયેલા મનદુઃખ બાબતે**

# બાબરાના ઉંટવડ ગામે વારંવાર ઝઘડો કરો છો કહી ગાળો આપી

**ગાળો આપીને મારી નાખવાની ધમકી આપી**

બાબરા, તા.૧૭

બાબરાના ઉંટવડ ગામે અગાઉ થયેલા મનદુઃખ બાબતે ખેડૂતને તેના ખેતરના શેઢા પાસે આવીને તમે અમારી સાથે વારંવાર ઝઘડો કરો છો કહી ગાળો આપી હતી. બનાવ સંદર્ભે જીતેશભાઈ ઉર્ફે જીતુભાઈ નાનજીભાઈ ડાભી (ઉ.વ.૪૫)એ મનસુખભાઈ સવાભાઈ ડાભી, વિપુલભાઈ મનસુખભાઈ ડાભી, ભાવેશભાઈ મનસુખભાઈ ડાભી, અરવિંદભાઈ શંભુભાઈ ડાભી, જયાબેન મનસુખભાઈ ડાભી તથા કિંજલબેન વિપુલભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદો પોતાની વાડીએ હાજર હતા અને ખેતીકામ કરતા હતા. આ દરમ્યાન આરોપીઓ તેમના શેઢા પાસે લાકડી લઈને આવ્યા હતા. અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખીને તેમને તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો આપીને મારી નાખવાની ધમકી આપી હતી. થોડીવાર પછી ફરી તેમના ખેતરના શેઢા પાસે આવીને તેમને તથા સાહેદોને કહેલ કે તમે અમારી સાથે વારંવાર ઝઘડો કરો છો એમ કહીને ગાળો આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી શહેરમાં પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૧૭

ધારીમાં એક પતિએ તેની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત સાસરિયાએ નાની વાતોમાં મેણાટોણા માર્યા હતા. તેમજ કરિયાવર લાવવા માંગણી કરી હતી. બનાવ અંગે રિદ્ધિબેન નરેન્દ્રભાઈ દેવમુરારી (ઉ.વ.૨૬)એ પતિ જયદેવભાઈ ઘનશ્યામભાઈ લશ્કરી, દીયર હિમાંશુભાઈ ઘનશ્યામભાઈ લશ્કરી તથા સાસુ નીતાબેન ઘનશ્યામભાઈ લશ્કરી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેમને નાની નાની વાતોમાં તથા ઘરના કામ બાબતે મેણાટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપી મુંઢમાર મારતા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ વધુ કરિયાવર લાવવા માંગણી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**આજે તો માર મારવો જ છે તું શું કરી લઈશ કહી**

# રાજુલામાં દુકાન આગળ પડેલા ખાડામાં રીક્ષાનું ટાયર ફસાતા ગાળો આપી ઝઘડો કર્યો

**પથ્થરનો છુટ્ટો ઘા કરી ઢીકાપાટુ પણ માર્યા**

રાજુલા, તા.૧૭

રાજુલામાં એક દુકાન પાસે પડેલા ખાડામાં રીક્ષા ફસાતા યુવકને ગાળો આપવામાં આવી હતી. ઉપરાંત પથ્થરનો છુટ્ટો ઘા કરી ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ રાજુલા નગરપાલિકા સામે આવેલી ઈન્ડિયન ફર્નીચર નામની દુકાનમાં રહેતા ઝુબેરખાન મહમદખલીલ ખાન (ઉ.વ.૨૯)એ અલવીર નસીબભાઈ કુરેશી, સંજયભાઈ ગોબરભાઈ ચાવડા, અમીરખાન યુનુસભાઈ પઠાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સાંજના આશરે સવા આઠેક વાગ્યાના અરસામાં તેમની ઈન્ડિયન ફર્નીચરની દુકાને સાહેદ મેરાજ હાજર હતો. તે વખતે સંજયભાઈ ચાવડા દુકાન આગળ રીક્ષા લઈને નીકળ્યો હતો અને તેમની દુકાન આગળ ખાડો હતો. તેમાં રીક્ષાનું ટાયર ફસાતા તે રીક્ષા ઉભી રાખી નીચે ઉતરી સાહેદ મેરાજને ગાળો આપવા લાગ્યા હતા. જેથી સાહેદે ગાળો આપવાની ના પાડતા તેણે અન્ય બે આરોપીને બોલાવ્યા હતા. ત્રણેય મેરાજ સાથે ઝગડો કરવા લાગ્યા હતા અને એક ઝાપટ મારી દીધી હતી. સાહેદે તેમને બનાવ અંગે જાણ કરતા ત્યાં પહોંચ્યા હતા અને ત્રણેયને ઝઘડો નહીં કરવા સમજાવતા કહેવા લાગેલ કે સાહેદ મેરાજને માર મારવો જ છે તું શું કરી લઈશ તેમ કહી મેરાજને બેત્રણ ઝાપટ મારી હતી. ઉપરાંત પાઈપ વડે ફટકાર્યો હતો. તેમજ પથ્થરના છુટ્ટા ઘા મારી ઈજા પહોંચાડી હતી અને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જેમફાવે તેમ ગાળો આપી હતી.

# અમરેલીના જાળીયા ગામે ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી કરાઈ

**વાહકજન્ય રોગચાળાની અટકાયતી કામગીરી કરવામાં આવી**



અમરેલી,તા.૧૭

જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા જુલાઈ માસની ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવી છે. જે અંતર્ગત સઘન પોરાનાશક કામગીરી, ઘરમાં ચોખ્ખા પાણીના ભરેલા ખુલ્લા પાત્રો ઢાંકવા તથા પોરાભક્ષક માછલી મૂકવા જેવી તથા મચ્છરદાનીના ઉપયોગ વિશે જરુરી આરોગ્ય શિક્ષણ આપીને મેલેરિયા, ચિકનગુનિયા તથા ડેન્ગ્યુના શંકાસ્પદ કેસો શોધવા વગેરે કામગીરી કરીને વાહકજન્ય રોગચાળાની અટકાયતી કામગીરી કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ આઠમ
તા. ૧૮-૦૭-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૪,
સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ અશ્વિની

## દૈનિક રાશિફળ

**તા.૧૮-૦૭-૨૦૨૫ શુક્રવાર**

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# કોટડાપીઠા પ્રા.આ.કેન્દ્ર દ્વારા વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણીઃ કુટુંબ નિયોજન અને ડેન્ગ્યુ જાગૃતિ પર ભાર



અમરેલી,તા.૧૭

પ્રા.આ.કેન્દ્ર કોટડાપીઠા ખાતે લઘુ શિબિર, કોપર-ટી કેમ્પ અને આરોગ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલું હતું, જેમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો. પ્રા.આ. કેન્દ્રના સુપરવાઈઝર મેહુલભાઈએ કુટુંબ નિયોજનની કાયમી અને બિન-કાયમી પદ્ધતિઓ વિશે સમજૂતી આપી હતી. તેમણે બે બાળકો વચ્ચે અંતર રાખવા માટે કોપર-ટી મુકાવવી, માલા ગોળી, કોન્ડમ, અંતરા ઈન્જેક્શન વગેરેનો ઉપયોગ કરવા વિશે પણ સમજાવ્યું હતું. આ ઉપરાંત, જુલાઈ માસને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવાના ભાગરૂપે મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાના ઉપાયો, ખાડા-ખાબોચિયામાં માટીકામથી પુરાણ કરાવવું, મચ્છરદાનીમાં સૂવાની ટેવ પાડવી, પાણી ભરેલા પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા જેવી માહિતી પણ આપી હતી. આ તકે પત્રિકા વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોટડાપીઠા આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી હતી. તેમ કોટડાપીઠા પ્રા.આ. કેન્દ્રના મેડિકલ ઓફિસરની યાદીમાં જણાવેલ છે.

# મહિલાને મોબાઈલમાં મેસેજ કરતાં યુવકને ઢીકાપાટુ માર્યા

બગસરા, તા.૧૭

બગસરાના જુના વાઘણીયા ગામે રહેતા અને સિલાઈકામ કરતાં નરેશભાઈ પરશોતમભાઈ મકવાણા (ઉ.વ.૩૭)એ ધમાભાઈ સોની તથા બે અજાણ્યા માણસો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સામાવાળાની પત્નીને મોબાઈલમાં મેસેજ કરતા હતા. જેનું મનદુઃખ રાખી બે અજાણ્યા ઈસમોએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

# જિલ્લામાં પાંચ સ્થળેથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં પાંચ સ્થળેથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. વંડામાંથી ૫ લીટર, વિજપડી ગામેથી ૪ લીટર, ચાંચ ગામેથી ૨ લીટર તથા વડીયા અને દામનગરમાંથી ૧-૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં સાત ઈસમો કેફી પીણું પીને ફરતા મળ્યા હતા.

# ભુરખીયા મુકામે PMJY કેમ્પમાં ૭૦ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ અપાયા



અમરેલી,તા.૧૭

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJY) અંતર્ગત ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરના હોલમાં તા. ૧૬-૦૭-૨૦૨૫, બુધવારના રોજ એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૦ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા હતા. લાઠી તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર.આર. મકવાણાના સૂચન મુજબ અને લાઠી તાલુકા પંચાયતના સભ્ય ચિરાગભાઈ પરમારની ઉપસ્થિતિમાં આ કેમ્પ યોજાયો હતો. અમરેલી જિલ્લા મેલેરિયા અધિકારી ડો. એ.કે. સિંગે કેમ્પની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આરોગ્ય વિભાગના ડો. હિતેશ પરમાર, જયદેવભાઈ કનાળા અને અન્ય કર્મચારીઓએ કેમ્પમાં ફરજ બજાવી લાભાર્થીઓને કાર્ડ બનાવી આપવામાં મદદ કરી હતી. કેમ્પ પૂર્ણ થયા બાદ, ડો. એ.કે. સિંગ સાહેબને ભુરખીયા હનુમાનજી દાદાની તસવીર ભેટ રૂપે અર્પણ કરવામાં આવી હતી.

# લીલીયા તાલુકા ભાજપની ટીમ હરિદ્વારની યાત્રાએ જવા રવાના



લીલીયા,તા.૧૭

લીલીયા તાલુકા ભાજપની એક ટીમ હરિદ્વારની ધાર્મિક યાત્રાએ રવાના થઈ છે. આ યાત્રામાં જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જલ્પેશભાઈ મોવલિયા, કેતનભાઈ ઢાંકેચા, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી જીગ્નેશ જિંજુવાડિયા અને કાનજીભાઈ નાકરાણી સહિતના અગ્રણીઓ જોડાયા હતા. ટીમ ગંગા નદીમાં સ્નાન કરશે, ઋષિકેશ સ્વામિનારાયણ મંદિર અને મા ચંડી દેવી મંદિરના દર્શન કરશે, તેમજ હર કી પૌડી ખાતે ગંગા આરતીમાં ભાગ લેશે. આ ઉપરાંત, અનેક ધાર્મિક સ્થળોની પણ મુલાકાત લેવામાં આવશે. જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, આનંદભાઈ ધાનાણી અને ભનુભાઈ ડાભીના "હું નહીં, સહુ" ના વિચારથી આ યાત્રાનું આયોજન થયું છે. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના લોકોએ આ સુંદર પહેલની સરાહના કરી હતી.

**તંત્રી લેખ**

# પ્રથમ સ્વદેશી ડાઇવિંગ સપોર્ટ સમુદ્રી જહાજ 'નિસ્તાર'

ભારતના ચાઈના સાથેના સંબંધો સુધરી જાય તે માટે વિદેશ પ્રધાન હાલ ચાઈનામાં છે. સંબંધ સુધારવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે આમ છતાં ચીનની ચાલબાજી વિશ્વભરમાં જાણીતી છે આથી તેની લશ્કરી ગતિવિધિઓને ખ્યાલમાં રાખીને ભારત પોતાની સમુદ્રી તાકાત વધારવાની ભાગરૂપે એક અત્યંત આધુનિક સમુદ્રી લડાયક જહાજ આગામી સપ્તાહમાં તરતું મુકવાનું છે. 'નિસ્તાર' નૌકાદળના કાફલામાં જોડાવા માટે તૈયાર છે. પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ જહાજ પાકિસ્તાનના મિત્ર ચીન માટે 'લેન્સેટ' જેવું ઉપયોગી સાબિત થશે. ભારતીય નૌકાદળ ૧૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ વિશાખાપટ્ટનમ ખાતે સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ 'નિસ્તાર' ને સામેલ કરશે. તે ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને સબમરીન બચાવ કામગીરી માટે સક્ષમ છે. નિસ્તાર ભારતીય નૌકાદળમાં જોડાવા માટે તૈયાર છે, જાણો કે પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ જહાજ ઊંડા સમુદ્રમાં કેવી રીતે ઉપયોગી થશે. ભારતીય નૌકાદળ ૧૮ જુલાઈ, ૨૦૨૫, શુક્રવારના રોજ વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડ ખાતે તેના પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ (DSV) 'નિસ્તાર' ને કાફલામાં સામેલ કરવા માટે તૈયાર છે. આ જહાજ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ કરવા સક્ષમ છે. આ સબમરીન સંબંધિત બચાવ કામગીરીમાં મોટું યોગદાન આપશે. 'નિસ્તાર' ડીપ સબમર્જન્સ રેસ્ક્યુ વેસલ (DSRV) તરીકે 'મધર શિપ' તરીકે પણ કામ કરશે. આનાથી દરિયાની નીચે સબમરીનમાં કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં ફસાયેલા લોકોને બચાવવા અને બહાર કાઢવામાં મદદ મળશે, આ રીતે તે દુશ્મનોની નજરમાં કાંટો બની રહેશે. નિસ્તારને સબમરીન માટે રક્ષક તરીકે તૈનાત કરવામાં આવશે. ×આ અત્યાધુનિક જહાજ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ સિસ્ટમ્સથી સજ્જ છે. નિસ્તાર નેવીની ઓપરેશનલ ક્ષમતાઓને મજબૂત બનાવે છે અને મુશ્કેલીમાં મુકાયેલી સબમરીનમાંથી કર્મચારીઓને બચાવવા માટે તૈયાર છે.× આનો અર્થ એ થયો કે નિસ્તાર આધુનિક સાધનોથી સજ્જ છે અને તે મુશ્કેલીમાં મુકાયેલી સબમરીનમાં ફસાયેલા લોકોને બચાવવામાં મદદ કરશે. 'નિસ્તાર' સ્વદેશી રીતે હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને બનાવવામાં આવ્યું છે. તે પૂર્વીય નૌકાદળ કમાન્ડમાં જોડાશે. અગાઉ પણ INS નિસ્તાર એક સબમરીન બચાવ જહાજ હતું. તે ૧૯૬૯માં તત્કાલીન સોવિયેત રશિયા (યુએસએસઆર) પાસેથી ભારતીય નૌકાદળ માટે ખરીદવામાં આવ્યું હતું અને ૧૯૭૧માં કાર્યરત થયું હતું. ૧૦૦૦ મીટર ઊંડાઈ સુધી દેખરેખ, બચાવ માટે સક્ષમ નૌકાદળના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેમની પાસે રિમોટલી ઓપરેટેડ વાહનો (ROV) છે. આ ROV ની મદદથી તેઓ ૧૦૦૦ મીટરની ઊંડાઈ સુધી દેખરેખ રાખી શકે છે. તેઓ ડૂબી ગયેલી વસ્તુઓ પણ મેળવી શકે છે. ×તે ૧,૦૦૦ મીટરની ઊંડાઈ સુધી ડાઈવર દેખરેખ અને બચાવ કામગીરી હાથ ધરવા સક્ષમ છે,× પ્રવક્તાએ જણાવ્યું. આ ડાઈવિંગ સપોર્ટ જહાજ ભારતીય શિપિંગ રજિસ્ટર (IRS) ના નિયમો અનુસાર ડિઝાઈન કરવામાં આવ્યું છે. નિસ્તારનું વજન ૧૦,૦૦૦ ટન છે, 'નિસ્તર' નામ સંસ્કૃતમાંથી આવ્યું છે. તેનો અર્થ મુક્તિ, બચાવ અથવા મુક્તિ થાય છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ જહાજ ૧૧૮ મીટર લાંબુ છે અને તેનું વજન લગભગ ૧૦,૦૦૦ ટન છે. તે આધુનિક ડાઈવિંગ સાધનોથી સજ્જ છે. તે ૩૦૦ મીટરની ઊંડાઈ સુધી ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ કરવા સક્ષમ છે.

# વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર કંપની: ટેસ્લા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

આપણા દેશમાં અત્યંત આધુનિક ઈલેક્ટ્રિક કાર ટેસ્લાનું આગમન થઈ ચૂક્યું છે. નજીકના ભવિષ્યમાં ભોપાલથી માંડી ભાવનગર સુધીના રાજમાર્ગો પર આ આધુનિક ઈલેક્ટ્રિક કાર દોડતી થઈ જશે. ટેસ્લા કંપનીનો ઈતિહાસ અને વિકાસ. સ્થાપના: ૨૦૦૩માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટાર્પેનિંગ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. એલોન મસ્ક ૨૦૦૪માં કંપનીમાં જોડાયા અને ટેસ્લાને વિશ્વભરમાં લોકપ્રિય બનાવી. ૨૦૦૮માં ટેસ્લાએ પોતાની પ્રથમ ઈલેક્ટ્રિક કાર રોડસ્ટર બનાવી.વૈશ્વિક કામગીરી: ટેસ્લા આજે અમેરિકા, ચીન, જર્મની અને હવે ભારત જેવા દેશોમાં પોતાની કારો વેચે છે. ભારતમાં હવે પેટ્રોલ કે ડીઝલની કારનો જમાનો પૂરો થશે અને તેના બદલે અત્યંત આધુનિક ટેસ્લા ઈલેક્ટ્રિક કાર દોડતી થઈ જશે. વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર બનાવતી આ કંપનીનો શોરૂમ ગત સપ્તાહે મુંબઈમાં ખૂલી ચૂક્યો છે અહીં આ કારની કિંમત ૭૦ લાખ થી શરૂ થાય છે. ટેસ્લા મોડલ ૩ આ ટેસ્લાની સૌથી નાની અને સસ્તી કાર છે. તે સેડાન બોડી સ્ટાઈલમાં આવે છે. ટેસ્લા વિવિધ મોડેલોની કાર બનાવે છે, જેમાં નીચેના મુખ્ય મોડેલોનો સમાવેશ થાય છે: ટેસ્લા મોડલ ૩ (Tesla Model 3): આ ટેસ્લાની સૌથી નાની અને સસ્તી કાર છે. તે સેડાન બોડી સ્ટાઈલમાં આવે છે. ટેસ્લા એ અમેરિકાની એક ઈલેક્ટ્રિક કાર બનાવતી કંપની છે. આ કંપનીની સ્થાપના ૨૦૦૩માં થઈ હતી અને આજે તે ઈલેક્ટ્રિક કારના ક્ષેત્રમાં દુનિયાની સૌથી મોટી કંપનીઓમાંની એક છે. ટેસ્લાના માલિક અને લોકપ્રિય ચહેરો એલોન મસ્ક છે, જે કંપનીના સીઈઓ અને પ્રોડક્ટ આર્કિટેક્ટ પણ છે. ટેસ્લા કારની ખાસિયતો નીચે મુજબ છે. આ કારમાં ખૂબ જ શક્તિશાળી એક કરતાં વધારે બેટરી સેલનો ઉપયોગ થાય છે જે કારને ગતિ આપે છે. ટેસ્લા કાર પેટ્રોલ કે ડીઝલ નહીં, પણ વીજળીથી ચાલે છે. આથી તે પર્યાવરણ માટે ઓછી હાનિકારક છે. એક સમય એવો હતો કે ઈલેક્ટ્રિક વાહનો બહુ દૂર સુધી જઈ શકતા નહીં પરંતુ આ કાર લોંગ ડ્રાઈવમાં પણ ખૂબ જ ઉપયોગી છે મતલબ કે લાંબી મુસાફરી માટે ઉપયોગી છે. ટેસ્લાની કારમાં એક ચાર્જમાં લાંબું અંતર કાપી શકાય છે. મોડેલ એસ અને મોડેલ ૩ જેવી કારો તેમની લાંબી રેન્જ અને સ્પીડ માટે જાણીતી છે. ટેસ્લા કારો ખૂબ જ ઝડપી છે. આંખના પલકારામાં તે ઝડપ પકડી લે છે. ટેસ્લા કારોમાં એડવાન્સ ટેકનોલોજી, સ્વયંચાલિત ડ્રાઈવિંગ, ટચસ્ક્રીન અને ઓટોમેટિક સોફ્ટવેર અપડેટ્સની સુવિધા છે. ટેસ્લા ભારતમાં પણ લોન્ચ થવા જઈ રહી છે. ભારતમાં ટેસ્લા કારની કિંમત લગભગ ૨૧ લાખ રૂપિયાથી ઓછી હોઈ શકે છે, અને કંપની $૨૫,૦૦૦ (લગભગ રૂ. ૨૧ લાખ) થી ઓછી કિંમતના ઈલેક્ટ્રિક વાહનો ભારતમાં લાવશે. ટેસ્લા મોડલ વાય (Model Y) એક મિડ-સાઈઝ ઈલેક્ટ્રિક એસયુવી છે જે ટેસ્લા કંપની દ્વારા બનાવવામાં આવી છે. આ



કાર દુનિયામાં સૌથી વધુ વેચાતી ઈલેક્ટ્રિક કાર બની ગઈ છે. આ કારની કેટલીક ખાસ વિશેષતાઓ પણ જાણવા જેવી છે જેને મુખ્ય ફીચર્સ અને સ્પેસિફિકેશન કહેવામાં આવે છે. બીજી મહત્વની વિશેષતા ટેકનીકલ ભાષામાં રેન્જ: લોંગ રેન્જ વેરિઅન્ટ ૫૨૫–૫૨૬ કિ.મી.ની ગણવામાં આવે છે. આ કારમાં જે બેટરી વપરાય છે તે અતિશય શક્તિશાળી છે. આંતરરાષ્ટ્રીય મોડલમાં તે ૮૧ km એક કલાકમાં ચાલી શકે છે. આ કારણે ગતિ આપવા માટે તેમાં ઈલેક્ટ્રીક મોટર નો ઉપયોગ થાય છે. આ મોટર તેના વ્હીલમાં લગાડેલી હોય છે અને ડબલ મોટર હોય છે આથી તેને ટોર્ક અને ગતિ વધુ મળે છે. આ કારમાં પાંચથી માંડી સાત વ્યક્તિ સુધીની સીટ રાખવામાં આવી છે. આ સીટ આરામદાયક છે. કારની સંપૂર્ણ કંટ્રોલ સિસ્ટમ ડિસ્પ્લે દ્વારા પ્રદર્શિત થાય છે જેની સાઈઝ ૧૫.૪× સેન્ટર ટચસ્ક્રીન, ૮× છે. આ રીયર ટચસ્ક્રીન કહેવામાં આવે છે. કારની સુરક્ષા વ્યવસ્થા અત્યંત આધુનિક છે. જેમાં ઓટોપાયલોટ, સેન્ટ્રી મોડ, લાઈવ કેમેરા અને અન્ય એડવાન્સ સલામતી ફીચર્સનો સમાવેશ થાય છે. આ કારની બેટરીને ચાર્જિંગ કરવા માટે ૨૫૦ kW સુપરચાર્જિંગની સુવિધા છે. એક વાત ચાર્જ કર્યા પછી ૨૫૩ કિમી સુધી ચાલી શકે છે આ ચાર્જ ૧૫ મિનિટમાં (અંદાજીત) થઈ જાય છે. આ કારની વિશેષતા જાણવા જેવી છે. આ મોડલ વાય અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ છે. લાંબી રેન્જ અને ટેસ્લાની ફેમસ ઑટોપાઈલોટ સિસ્ટમ સાથે આવે છે. ભારતમાં આ મોડેલ હોમોલોગેશન માટે ટેસ્ટિંગમાં છે અને ટેસ્લા ભારતમાં શોરૂમ અને મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરવાની તૈયારી કરી રહી છે. ટેસ્લા કાર (ખાસ કરીને મોડેલ Y)માં નીચે મુજબ સુરક્ષા અને સિક્યુરિટી ફીચર્સ સાથે આવે છે: હવે જે નવી કાર આવશે તેમાં એડવાન્સ્ડ ઓટોપાઈલોટ સિસ્ટમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ કારને સ્વચાલિત રીતે ચલાવવા, ટ્રાફિક ડિટેક્ટ કરવા અને એક્સિડન્ટ અટકાવવા મદદ કરે છે. કાર ઉભી હોય અથવા ચાલતી હોય ત્યારે આસપાસની ગતિવિધિને મોનિટર કરે છે અને કોઈ સંદેહાસ્પદ એક્ટિવિટી થાય તો ડ્રાઈવરને ચેતવણી આપે છે. આ માટે તેમાં લાઈવ કેમેરાઓ ગોઠવેલા છે. જે વાસ્તવિક સમયે વીડિયો રેકોર્ડ કરે છે અને ડ્રાઈવરને દૂરથી મોનિટર કરવા દે છે. ટેસ્લા મોડેલ Y NHTSA અને EuroNCAP જેવા સુરક્ષા સ્ટાન્ડર્ડમાં ઉત્તમ રેન્કિંગ મેળવે છે, જેમાં મજબૂત બિલ્ડ અને એડવાન્સ્ડ એરબેગ સિસ્ટમ સામેલ છે. આ મોટરમાં ઓટોમેટિક ઈમર્જન્સી બ્રેકિંગની સિસ્ટમ છે જો એક્સિડન્ટ થવાની સંભાવના હોય તો ઑટોમેટિક રીતે બ્રેક લગાવે છે. ટેસ્લા કાર યુઝરની એક્ટિવિટી ટ્રેક કરી શકે છે, જેનાથી પ્રાઈવસી જોખમમાં હોઈ શકે છે. આધુનિક કારોમાં સામાન્ય રીતે આવા ફીચર્સ રહે છે, પણ યુઝરે ડેટા શેરિંગ સેટિંગ્સ ચકાસવા જોઈએ.આ ઉપરાંત, ટેસ્લા કારમાં ટાયર પ્રેશર મોનિટરિંગ, હિલ સ્ટાર્ટ એસિસ્ટ અને અન્ય સેન્સર-બેઝ્ડ સુરક્ષા સિસ્ટમ્સ પણ આવે છે. ટેસ્લા કારના સિક્યુરિટી ફીચર્સમાં નીચેના પ્રકારના ટ્રેકિંગ ટૂલ્સ સામેલ છે: ટેસ્લા એપ્લિકેશન દ્વારા લોકેશન ટ્રેકિંગ પરફેક્ટ છે. કારનું રિયલ-ટાઈમ લોકેશન ટેસ્લા એપ્લિકેશન પર ડ્રાઈવર જોઈ શકે છે. આ એપ્લિકેશન કારની ગતિવિધિ, ચાર્જિંગ સ્થિતિ અને અન્ય માહિતી પણ બતાવે છે. લાઈવ કેમેરા ફીડ કારના ચારેબાજુના કેમેરાથી ડ્રાઈવર એપ્લિકેશન પર વીડિયો જોઈ શકે છે, જેમ કે કાર પાર્ક કરેલી હોય ત્યારે આ વસ્તુ ઉપયોગી થાય છે. આ ફીચર સસ્પિશિયસ એક્ટિવિટી ડિટેક્ટ કરી શકે છે અને કારની આસપાસની ગતિવિધિને રેકોર્ડ કરે છે. કાર ડ્રાઈવિંગ ડેટા, સ્પીડ, લોકેશન અને અન્ય માહિતી લોગ કરે છે, જે ટેસ્લા સર્વર્સ પર સંગ્રહિત થાય છે (જોકે આ માહિતી સામાન્ય રીતે યુઝરની પરમિશન સાથે જ શેર થાય છે). આ ટ્રેકિંગ ટૂલ્સ ડ્રાઈવરને કારની સુરક્ષા અને ટ્રેકિંગમાં મદદરૂપ છે. ટેસ્લા કારનું ભવિષ્ય-ટેસ્લા હવે ઈલેક્ટ્રિક કારો સિવાય પણ ઊર્જા સંગ્રહ, સોલર પાવર અને અન્ય ટેકનોલોજીના ક્ષેત્રમાં પોતાની જગ્યા બનાવી રહી છે. ભારતમાં પણ ટેસ્લાની કારો લોકપ્રિય બનવાની શક્યતા છે, કારણ કે લોકો ઈલેક્ટ્રિક વાહનો તરફ વધુ ઢળતા જાય છે. ટેસ્લાએ ચીનના શાંઘાઈ પ્લાન્ટમાં બનેલી મોડલ 'વાઈ' કારોને ભારતમાં મોકલી છે. તેમાંથી ૫ કાર મુંબઈ શોરૂમમાં મૂકવામાં આવી છે. મોડલ વાઈ વિશ્વની સૌથી વધુ વેચાતી ઈલેક્ટ્રિક કાર છે. અમેરિકામાં એલન મસ્કને અમેરિકન સરકાર સાથે વિવાદ થતા તે ભારતમાં પોતાનો પ્લાન્ટ સ્થાપિત કરવાનો વિચાર કરે છે. એવું માનવામાં આવે છે કે આ પ્લાન્ટ કદાચ ગુજરાતમાં આવી શકે છે.

## માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૭૨૦ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૮૭ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૮૬૫ |
| બાજરી | ૩૫૦ | ૪૩૩ |
| તુવેર | ૧૦૯૧ | ૧૩૨૬ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૧૮૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૧૩૦ | ૧૪૨૮ |
| મગ | ૧૩૦૫ | ૧૬૨૧ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ચોળી | ૯૦૦ | ૧૬૦૦ |
| મઠ | ૧૧૦૦ | ૨૩૫૦ |
| વટાણા | ૭૫૦ | ૨૩૯૧ |
| કળથી | ૫૫૦ | ૭૫૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૪૨૦ |
| સીંગદાણા | ૧૪૨૫ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૯૪૫ | ૧૧૯૫ |
| મગફળી જીણી | ૯૩૫ | ૧૧૬૦ |
| તલી | ૧૫૦૦ | ૨૦૭૬ |
| એરંડા | ૧૨૧૧ | ૧૩૧૧ |
| અજમો | ૧૨૦૦ | ૧૫૧૧ |
| સુવા | ૯૬૦ | ૧૨૫૪ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૦ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૩૭૫ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૮૭૫ |
| લસણ | ૬૧૨ | ૧૨૦૦ |
| ધાણા | ૧૨૫૫ | ૧૪૬૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૪૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૫૧૬ |
| જીરૂ | ૩૪૩૮ | ૩૭૦૦ |
| રાય | ૧૨૨૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૩૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૧૪૯ |
| રાયડો | ૧૧૮૦ | ૧૨૮૮ |
| રજકાનું બી | ૪૭૫૦ | ૫૪૫૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૯૪ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૫૦ | ૫૨૦ |
| પપૈયા | ૨૦૦ | ૨૫૦ |
| બટેટા | ૧૬૦ | ૩૨૫ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૮૫૦ | ૧૨૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૫૦ | ૧૦૩૦ |
| ગુવાર | ૧૨૫૦ | ૧૬૩૦ |
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૭૦૦ | ૯૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૬૦ | ૬૨૦ |
| ગાજર | ૩૫૦ | ૬૦૦ |
| કંટોળા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૬૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૧૨૫૦ | ૧૫૩૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૧૧૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૬૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૧ | ૧૬૬૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૩૪ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૦૯૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૫૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૨૫૦ |
| જીરૂ | ૨૮૫૧ | ૩૮૧૧ |
| ક્લંજી | ૧૫૦૧ | ૪૧૩૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૧૧ |
| લસણ સુકું | ૫૧૧ | ૧૦૭૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૨૬૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| મઠ | ૧૦૧૧ | ૧૧૧૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૧ |
| રાયડો | ૧૨૧૧ | ૧૨૧૧ |
| રાય | ૧૦૦૧ | ૧૧૦૧ |
| મેથી | ૯૫૧ | ૧૦૭૧ |
| કાંગ | ૨૩૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૬૧ | ૧૨૦૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૨૦૫૧ |
| મગફળી નવી | ૭૦૦ | ૧૧૭૬ |
| તલ - તલી | ૧૧૫૧ | ૨૧૭૬ |
| ધાણી | ૯૫૧ | ૧૫૦૧ |
| ડુંગળી સફેદ | ૧૦૬ | ૨૨૧ |
| બાજરો | ૨૭૧ | ૪૫૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૨૦૦ | ૧૭૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૧ |
| વાલ | ૯૫૦ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૯૫૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૬ |
| રજકાનું બી | ૩૦૩૧ | ૩૦૩૧ |
| અજમાં | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૭૧ |
| વટાણા | ૧૨૦૧ | ૨૦૦૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૩૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| કોથમીર પુરા | ૩ | ૧૦ |
| મૂળા પુરા | ૭ | ૮ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| કંટોલા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૨ |
| બીટ પુરા | ૯ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૨૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૯ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૬૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૭ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૫૨૪ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૬૪ |
| તલ સફેદ | ૧૦૦ | ૨૦૭૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૮૦ |
| તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૨૫૫ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| જુવાર | ૩૨૬ | ૭૮૧ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૫૮ |
| મગ | ૧૨૮૫ | ૧૫૬૫ |
| અડદ | ૧૧૩૦ | ૧૩૯૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૬૨ |
| ચણા દેશી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ચણા સફેદ | ૧૦૨૦ | ૧૧૯૫ |
| તુવેર | ૧૦૧૦ | ૧૨૮૦ |
| કપાસ | ૮૯૦ | ૧૬૯૯ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૫૦૫ | ૩૫૦૫ |
| ધાણી | ૯૧૧ | ૧૩૭૦ |
| મેથી | ૮૪૦ | ૯૦૫ |
| સોયાબીન | ૬૧૦ | ૮૧૨ |
| કાંગ | ૫૦૦ | ૫૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૪૫૦ |
| શીંગ ઓળા | ૭૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૩૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૨૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૮૩૦ |
| ઘઉં | ૫૧૭ | ૫૧૭ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૧૪૦ |
| તલ | ૧૩૩૦ | ૧૬૬૧ |
| દાણા | ૧૧૯૦ | ૧૧૯૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| જુવાર સફેદ | ૪૧૦ | ૭૭૬ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૧૧૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૪૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૬ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૧૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૬૨૦ | ૭૮૫ |
| મેથી | ૬૨૦ | ૭૬૫ |
| જુવાર | ૫૫૦ | ૫૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૨૭૦ | ૧૪૦૦ |
| મગફળી | ૯૯૫ | ૯૯૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા સફેદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| બાજરો | ૫૦૩ | ૫૦૩ |
| શીંગ ફાડા | ૧૦૮૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૪૦ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૬૭૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૭૬ |
| કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૪૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૨૮૧૫ | ૩૬૭૫ |
| તલ સફેદ | ૧૫૪૫ | ૧૭૨૫ |
| તલ કાળા | ૨૩૩૫ | ૩૭૭૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ચણા | ૧૦૧૪ | ૧૧૪૬ |
| મગ | ૧૨૫૦ | ૧૪૪૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૩૦૧ | ૧૯૨૦ |
| તલ કાળા | ૩૫૧૪ | ૩૬૦૦ |
| તલ પીળા | ૧૮૧૧ | ૧૮૧૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૪૨૧ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૦ |
| જુવાર | ૪૫૧ | ૫૮૯ |
| મગ | ૧૧૬૧ | ૧૫૩૬ |
| ચણા | ૯૦૦ | ૧૧૪૫ |
| સોયાબીન | ૭૮૪ | ૭૮૪ |
| રાજગરો | ૧૩૫૦ | ૧૩૫૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૧૧૫૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૪૭ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૧ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૪૨ |
| મેથી | ૮૦૦ | ૯૨૦ |
| જુવાર | ૫૫૦ | ૭૮૭ |
| ચોળી | ૮૦૦ | ૧૬૯૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૧૪ |
| મગ | ૧૨૫૦ | ૧૮૨૬ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૩૩ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૮૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૯૦ |
| સોયબીન | ૭૮૦ | ૮૩૪ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૪૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૦ | ૧૬૪૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૪૫ |
| અડદ | ૧૦૨૦ | ૧૩૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૬૦૦ | ૧૦૭૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૮૦ |
| જીરૂ | ૧૪૫૦ | ૩૬૫૦ |
| ધાણા | ૮૫૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૫૮૦ | ૭૭૦ |
| બાજરો | ૨૮૫ | ૪૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૮ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૯૨૦ | ૧૩૧૫ |
| ચોળી | ૧૧૫૦ | ૧૩૯૫ |
| મેથી | ૭૫૦ | ૧૧૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૭૩૦ |
| મગફળી જીણી | ૮૯૦ | ૧૦૬૦ |
| મગફળી જાડી | ૮૯૦ | ૧૦૬૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૬ |
| તલ | ૧૫૦૦ | ૧૮૮૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૭૨ |
| રાઈ | ૧૧૫૦ | ૧૪૧૦ |
| લસણ | ૪૦૦ | ૯૦૦ |
| કપાસ | ૧૪૭૦ | ૧૬૭૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૦૦ |
| અજમો | ૫૫૦ | ૨૬૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦ | ૨૯૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૪૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૦૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૦૮૭ | ૧૨૭૨ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૮૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૪૧ | ૧૧૦૩ |
| એરંડા | ૨૮૦ | ૧૧૬૫ |
| જુવાર | ૨૭૧ | ૬૬૪ |
| બાજરી | ૩૫૧ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૬૦ |
| અડદ | ૧૦૮૬ | ૧૪૪૦ |
| મગ | ૫૦૦ | ૧૫૫૩ |
| સોયાબીન | ૭૭૦ | ૭૭૨ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૫૪ |
| તલ સફેદ | ૧૩૪૧ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૬૪૫ |
| તુવેર | ૧૦૫૧ | ૧૧૫૪ |
| જીરૂ | ૨૭૦૨ | ૩૩૦૦ |
| ડુંગળી લાલ | ૧૧૩ | ૨૨૬ |
| ડુંગળી સફેદ | ૧૨૪ | ૨૭૧ |
| નાળીયેર | ૮૯૩ | ૩૨૫૩ |

## શબ્દ સંજોગ-૨૦૩૭



**આડી ચાવી :**
(૧) શરૂઆત, તૈયારી (૩)
(૩) પાપ કરનારું (૨)
(૪) ભયથી વ્યાપ્ત, આ સંસારમાં તેજ વ્યક્તિ નિર્ભય રહી શકે છે, જે બધા પર ... રાખે (૨)
(૬) લાલ રંગ, ગમો (૨)
(૭) કૂતરો (૨)
(૮) દુઃખ, પીડા (૩)
(૯) ઉખાડીને રોપવા માટે ઉછેરેલો રોપો (૨)
(૧૧) શરીરનું ચેતન તત્વ, પ્રાણ (૨)
(૧૨) ભવાડો, દશ્યકાવ્ય (૩)
(૧૪) પગ, ચોથો ભાગ (૨)
(૧૫) લક્ષણ સંબંધી (૪)
(૧૬) એક પક્ષી (૨)
(૧૮) સાવચેત, જાગ્રત (૩)
(૨૦) સનદી કાયદાશાસ્ત્રી (૩)
(૨૧) ..... ટેરેસા (૩)
(૨૨) હર્ષ, આનંદ (૩)
(૨૩) ચાલીસ શેર (૨)
(૨૫) રાવણ (૪)
(૨૬) સૃષ્ટિની ઉત્પતિ કરનારી ઈશ્વરની શક્તિ (૪)

**ઉભી ચાવી :**
(૧) આશા અમર છે. એની... કયારેય નિષ્ફળ જતી નથી (૪)
(૨) લશ્કરમાં નવો ભરતી થનાર (૪)
(૩) પીવું તે (૨)
(૪) કપડાં સીવનાર (૩)
(૫) યદુનો વંશજ, કૃષ્ણ (૩)
(૭) નાકથી વાયુ લેવો-મૂકવો તે (૨)
(૧૦) ગણપતિ દાદાને આ ખૂબ જ ભાવે (૩)
(૧૩) મોર, કલાકાર (૪)
(૧૪) લગ્નમાં હાથ ઝાલવો તે (૫)
(૧૬) એક રમત (૨)
(૧૭) લટકતી અને ઝૂલતી વસ્તુ (૩)
(૧૮) એક વેદ (૪)
(૧૯) કાપીને મારી નાખવું તે (૨)
(૨૦) ઝેર, વિષ (૨)
(૨૩) આ હોય તો જ માળવે જવાય (૨)
(૨૪) સુંદર સ્ત્રી (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૬ જવાબ

**આડી ચાવી:** (૧) બરકત (૪) પોક (૭) રવાલ (૮) નકલ (૧૦) રતિ (૧૧) વાકળ (૧૨) સખતળી (૧૪) તલ (૧૫) નારી (૧૬) બોર (૧૮) તારાજ (૨૧) તક (૨૩) નસવાર (૨૫) સત્ય (૨૬) કસદમ (૨૭) રામ (૨૮) સોમલ (૨૯) નટી.

**ઉભી ચાવી :** (૧) બનારસ (૨) કર (૩) તવારીખ (૫) કનક (૬) સેલ (૯) કળતર (૧૧) વાળી (૧૨) સરીતા (૧૩) તરજ (૧૬) બોરસદ (૧૭) શ્વેત (૧૯) રાશ (૨૦) કીર (૨૨) કસમ (૨૩) નસલ (૨૪) વામન (૨૬) કમ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સહકાર મંત્રાલયના ૪ વર્ષ પૂર્ણઃ 'સહકારથી સમૃદ્ધિ' ના સંકલ્પ સાથે ૬૦થી વધુ પહેલ શરૂ

અમરેલી, તા.૧૭



સહકાર મંત્રાલયે તેની સ્થાપનાના ચાર વર્ષ પૂર્ણ કર્યા છે, જે દરમિયાન કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહના નેતૃત્વમાં "સહકારથી સમૃદ્ધિ" ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવા અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. આ સમયગાળામાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલો શરૂ કરવામાં આવી છે, જેનો લાભ દેશભરની સહકારી સંસ્થાઓને મળી રહ્યો છે. દિલીપભાઈ સાંઘાણીએ આ યાત્રાને ગૌરવસભર ગણાવી છે. મંત્રાલયે સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે PACS (પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ) ના કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકી છે. સહકારી સંસ્થાઓનું ડેટાબેઝ તૈયાર કરવા માટે પણ અવિરત પ્રયાસો કરવામાં આવ્યા છે. સહકાર ક્ષેત્રે તાલીમબદ્ધ અને કુશળ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રથમ 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી' ની સ્થાપના કરવામાં આવી છે , જે આ સત્રથી શિક્ષણ કાર્ય શરૂ કરવા જઈ રહી છે. ગ્રામીણ સ્તરે સહકારિતાને મજબૂત બનાવવા માટે, કુલ બે લાખ વધારાના PACS ની રચના કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. PACS ને સશક્ત બનાવવા માટે તેમને વિવિધ મંત્રાલયોની યોજનાઓ સાથે જોડીને વેપાર પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યા છે.

# ઘરેથી નીકળી ગયેલી બગસરા પંથકની યુવતીનું પરિવાર સાથે મિલન કરાવતી અભયમ ટીમ

અમરેલી તા ૧૭



બગસરા પંથકની એક યુવતી ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર નીકળી જતા જાગૃત નાગરિક દ્વારા અભયમ ટીમને જાણ કરવામાં આવી હતી જેથી અભયમ ટીમ તાત્કાલિક પહોંચી હતી. જાગૃત નાગરિકે યુવતીને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતી. ત્યારબાદ મહિલા હેલ્પલાઈનની ટીમે યુવતી સાથે વાતચીત કરતા યુવતીએ જણાવ્યું હતું કે તેના પરિવારના સભ્યો ખીજાતા હોવાથી તે ઘરેથી એકલી નીકળી ગઈ હતી. યુવતીએ વધુમાં જણાવ્યું હતું કે તે મધ્યપ્રદેશની વતની છે અને ભાઈ- ભાભી સાથે વાડીએ રહી મજૂરીકામ કરે છે. યુવતીને પરિવાર સુધી પહોંચાડવા માટે અભયમ ટીમ દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. કારણકે યુવતીને તેનું સરનામું કે ગામનું નામ કે કોઈના ફોન નંબર યાદ નહોતા જેથી અભયમ ટીમ દ્વારા વાડી વિસ્તારમાં રહેતા શ્રમિકોને પૂછી યુવતીના ભાઈનો સંપર્ક કરી તેને બોલાવતા યુવતીના ભાઈએ આ યુવતી પોતાની જ બહેન હોવાનું જણાવ્યું હતું જેથી અભયમ ટીમ દ્વારા યુવતીના ભાઈનું કાઉન્સિલિંગ કરી તેને સારી રીતે ધ્યાન રાખવા અને યોગ્ય સારવાર કરવા માટે સૂચન કર્યું હતું. આમ અભયમ ટીમે એક યુવતીને તેના પરિવાર સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

# ગુજરાત કોંગ્રેસના પ્રમુખની જવાબદારી અમિત ચાવડાના શીરે

અમદાવાદ,તા.૧૭



ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે અમિત ચાવડાની નિમણૂક કરવામાં આવી છે તથા તુષાર ચૌધરીને વિપક્ષના નેતા બનાવાયા છે. શક્તિસિંહના રાજીનામા બાદ આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાની પસંદગી કરાઈ છે. અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મામાના દીકરા છે. તેઓ બીજી વખત પ્રદેશ પ્રમુખ બન્યા છે. તેઓ ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન પ્રદેશ પ્રમુખ બન્યા હતા. ઉલ્લેખનીય છે કે ગેનીબેન ઠાકોર અને લાલજી દેસાઈ પણ પ્રદેશ પ્રમુખની રેસમાં હતાં.

**તુષાર ચૌધરી વિપક્ષના નેતા બન્યા**

# અમરેલી ટ્રાફિક પોલીસ દ્વારા વાલીઓ-વિદ્યાર્થીઓને વાહન બાબતે સમજણ આપી

**ટ્રાફિકને લગતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું**

અમરેલી,તા.૧૭



અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજી વિદ્યાસભા ખાતે અભ્યાસ માટે આવતા બાળકોને, વાલીઓને ટ્રાફિકના નિયમો અંગે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. ટુવ્હીલ લઈને શાળામાં અભ્યાસ કરવા આવતા બાળકો જેઓ ૧૮ વર્ષથી નાની ઉંમરના હોય તેમને વાહન ન ચલાવવા કડક સૂચના આપવામાં આવી તથા વાલીઓને પણ ટ્રાફિકના નિયમો અંગે સૂચના આપવામાં આવી હતી તેમજ ટ્રાફિક જાગૃતિ લગત પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવેલ જેથી વિદ્યાર્થીઓ તથા વાલીઓ ટ્રાફિક લગત નિયમોથી માહિતગાર થઈ શકે. આ ટ્રાફિક ડ્રાઈવમાં ટ્રાફિક પીએસઆઈ એચ.જે. બરવાડીયા તથા ટ્રાફિક શાખાના કર્મચારીઓ જોડાયા હતા.

# ગજેરા કેમ્પસની મહિલા M.S.C. કોલેજનું ઝળહળતું પરિણામ જાહેર



અમરેલી,તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં M.Sc.(MB) સેમ.- IIની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીના ગજેરા કેમ્પસની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા એમ. એસ.સી. કોલેજનું પરિણામ ૯૧ ટકા સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ જાહેર થયું છે. આ કોલેજની વિદ્યાર્થિનીઓ દેસાઈ દ્રષ્ટિ એન. કોલેજ ફર્સ્ટ - ૮૪.૩૩%, કોયાણી બંસી એસ. કોલેજ સેકન્ડ-૮૩.૫૦% અને ભમ્મર સોનલ એચ. કોલેજ થર્ડ - ૭૫.૬૭% પ્રાપ્ત કરેલ છે.

# વડોદરા રેલવે સ્ટેશન પરથી બાળ તસ્કરીનું મોટું રેકેટ ઝડપાયું : ૧૭ કિશોરોને મુક્ત કરાયા

વડોદરા,તા.૧૭



વડોદરા રેલવે સ્ટેશન પર બાળ તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. પ્રયાસ જુવેનાઈલ સંસ્થાએ આપેલી માહિતીને આધારે પોલીસે, આરપીએફ અને સીડબ્લ્યુસીની મદદથી બાળમજૂરીના ઈરાદે મુંબઈ અને સુરત તરફ લઈ જવાતા ૧૭ જેટલા સગીર બાળકોને બચાવ્યા છે. આ બાળકો બિહાર અને મધ્યપ્રદેશના છે અને તેમને લાલચ આપીને બાળમજૂરી માટે લઈ જવામાં આવી રહ્યા હોવાની આશંકા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રયાસ જુવેનાઈલ સંસ્થાએ રેલવે પોલીસ ફોર્સને માહિતી આપી હતી, જેના આધારે કાર્યવાહી હાથ ધરી પોલીસે વડોદરા રેલવે સ્ટેશન પર ૨ વાગ્યે પહોંચેલી બોમ્બે હોલીડે સ્પેશિયલ ટ્રેનની સઘન તપાસ હાથ ધરી હતી. દરમિયાન છેલ્લા ૨-૩ ડબ્બામાંથી કુલ ૪૧ જેટલા બાળકો મળી આવ્યા હતા.

# ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયામાં ૫૦ ટકાથી વધુ કોલેજોને મંજૂરી નહીં મળતાં વિદ્યાર્થીઓને હાલાકી

અમદાવાદ,તા.૧૭

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સામે આવેલા ગેરવહીવટ અને બેદરકારીને પગલે આ વર્ષે ડિપ્લોમા અને ડિગ્રી ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયાને અસર થઈ છે. હજુ સુધી મોટાભાગની ફાર્મસી કોલેજોની મંજૂરી ન આવતા ધોરણ ૧૨ સાયન્સ પછી ડિગ્રી, ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા અટવાઈ છે. એડમિશન કમિટીએ જાહેર કર્યું છે કે કોલેજોની મંજૂરીની સ્થિતિની વિગત મેળવીને પ્રવેશ પ્રક્રિયાનો નવો કાર્યક્રમ ૧૫ દિવસ બાદ જાહેર થશે. જેના કારણે વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મોન્ટુ પટેલ સામે કાર્યવાહીના કારણે ગુજરાત સહિત દેશભરના ફાર્મસી ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી અટવાઈ છે. સીબીઆઈ દ્વારા ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પૂર્વ અધ્યક્ષ મોન્ટુ પટેલ દ્વારા કોલેજોની મંજૂરી બાબતે ઉઘરાણાના આરોપ લાગ્યા હતા. તેના આધારે તેની સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે ફાર્મસી કોલેજોની પરવાનગી રીન્યુ કરવામાં આવતી હોય છે. જોકે ચાલુ વર્ષે ગુજરાતમાં ધોરણ ૧૨ પછી ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસીની પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે પરંતુ હજુ ૫૦% કોલેજોને માન્યતા નથી મળી જેના કારણે તેની સીધી અસર પ્રવેશ કાર્યવાહી પર પડી છે.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૩૮/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જયાબેન વલ્લભભાઈ સાપરા
રહે.સાવરકુંડલા તા.સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર હરેશકુમાર વલ્લભભાઈ સાપરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૩૨/૨૦૨૫

અરજદાર :- શ્રી લીલીબેન ગોરધનભાઈ દેવાણી
રહે. તરકતળાવ, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. તરકતળાવ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરકતળાવ ગામમાં અરજદારશ્રી લીલીબેન ગોરધનભાઈ દેવાણી તેઓના પુત્રી કિરણબેન ગોરધનભાઈ દેવાણી ની જન્મ (તા.૨૦/૦૫/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૪૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- જીવણભાઈ નાગજીભાઈ રાદડિયા
રે.હિપાવડલી તા.સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી હિપાવડલી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી અંબાબેન નાગજીભાઈ રાદડીયાનું મરણ તા.૦૫/૦૧/૧૯૯૮ ના રોજ મુ.હિપાવડલી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૩૫/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ખુમાણ પ્રતાપભાઈ વાસુરભાઈ
રહે. ધજડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી ધજડી, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયરાજભાઈ પ્રતાપભાઈ ખુમાણનો જન્મ તા.૦૫/૦૧/૧૯૯૫ ના રોજ મુ.ધજડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૪૧/૨૦૨૫ તા.૨૪/૦૬/૨૦૨૫

શ્રી મનસુખભાઈ આણંદભાઈ તળાવીયા
રહે. શોભાવડલા(લ.), તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, શોભાવડલા(લ.), તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી મનસુખભાઈ આણંદભાઈ તળાવીયા રહે. શોભાવડલા(લ.), તા. વિસાવદર જી. જુનાગઢ એ તેમના ભાઈ લાલજીભાઈ આણંદભાઈ તળાવીયા નું મરણ તા.૨૦/૦૨/૧૯૮૪ ના રોજ વિસાવદર તાલુકાના શોભાવડલા(લ.) મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શોભાવડલા(લ.), તા. વિસાવદર ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શોભાવડલા(લ.), તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૪ મી જુન ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** (કોર્ટનો સિક્કો) **હુકમથી**
**સહી.** **સહી.**
**(પી.વી. શિંગડીયા)** **(એન.બી. લાંઘણોજા)**
**નાયબ મામલતદાર** **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર** **વિસાવદર**

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ગુલાબબા શિવુભા રાઠોડ
રહે.સરખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જે.જી.સોસા, કચેરી કમ્પાઉન્ડ, કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સરખડી
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામના રહીશ શિવુભા ગોવુભા રાઠોડ તથા ગુલાબબા શિવુભા રાઠોડ ની પુત્રી દક્ષાબા શિવુભા રાઠોડ નો જન્મ તા. ૧૫/૦૮/૧૯૮૬ માં કોડીનાર તાલુકાના સરખડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સરખડી ગામના સને.૧૯૮૬ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)
**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી નથુભાઈ ભગવાનભાઈ વાળા
રહે.પણાંદર, ગામ-પણાંદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જી.એન. સોલંકી રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પણાંદર
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ નથુભાઈ ભગવાનભાઈ વાળા તથા સોનીબેન નથુભાઈ વાળા ના પુત્ર વિવેકકુમાર નથુભાઈ વાળા નો જન્મ તા. ૧૪/૦૬/૨૦૦૭ ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના પણાંદર ગામના સને.૨૦૦૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)
**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૩૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી પુષ્પાબેન પ્રેમજીભાઈ સોસા ડો/ઓ કિસાભાઈ બાંભણીયા
રહે. ફાચરીયા ગામ- ફાચરીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જે.જી.સોસા, રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી કિસાભાઈ એભાભાઈ બાંભણીયાના પત્ની લખમીબેન કિસાભાઈ બાંભણીયાનું મરણ તારીખઃ ૧૨/૧૦/૧૯૮૨ ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને.૧૯૮૨ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)
**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રધાનમંત્રી મોદી બિહારનો પ્રવાસ કરશે, અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ થશે

નવીદિલ્હી,તા.૧૭



ઓક્ટોબર-નવેમ્બરમાં બિહારમાં યોજાનારી ચૂંટણી પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના કેટલાક વિસ્તારોની મુલાકાત લીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેઓ આગામી દિવસોમાં કેટલાક વધુ વિસ્તારોની મુલાકાત લેવાના છે, જેમાં સિરહર્ષા, બક્સર, મુંગેર, ગયા અને ભાગલપુરની શક્યતા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૂર્વ ચંપારણમાં અનેક જન કલ્યાણકારી પ્રોજેક્ટ્સ લોકોને સમર્પિત કરશે. આ મુલાકાત પૂર્વ ચંપારણના મોતીહારીમાં હોઈ શકે છે પરંતુ તેની અસર પૂર્વ અને પશ્ચિમ ચંપારણ બંને પર પડશે. આ બંને વિસ્તારોમાં વિધાનસભા બેઠકોની વાત કરીએ તો, પૂર્વ ચંપારણમાં ૧૨ વિધાનસભા બેઠકો છે, જ્યારે પશ્ચિમ ચંપારણમાં ૯ વિધાનસભા બેઠકો છે. બિહારને જે ભેટો મળશે તેમાં ચાર નવી અમૃત ભારત ટ્રેનોનું સંચાલન શરૂ, રાજેન્દ્ર નગર ટર્મિનલ (પટણા)-નવી દિલ્હી, બાપુધામ મોતીહારી-દિલ્હી (આનંદ વિહાર ટર્મિનલ), દરભંગા-લખનૌ (ગોમતી નગર), માલદા ટાઉન-લખનૌ (ગોમતી નગર) વાયા ભાગલપુર, દરભંગા-થલવારા અને સમસ્તીપુર-રામભદ્રપુર રેલ સેક્શનનું ડબલિંગ શરૂ કરવાથી રેલ ટ્રાફિકની ક્ષમતામાં વધારો થશે, દરભંગા-નરકટિયાગંજ રેલ લાઈનનું ડબલિંગ (લગભગ રૂ. ૪,૦૮૦ કરોડનો પ્રોજેક્ટ) ઉત્તર બિહારની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે. સમસ્તીપુર-બછવારા સેક્શનમાં ઓટોમેટિક સિગ્નલિંગની સુવિધાઓ, જે ટ્રેનોની અવરજવર અને સમયસરતામાં સુધારો કરશે.

# મતદાર યાદીમાંથી નકલી મતદારોને દૂર કરવા ચૂંટણી પંચ સઘન ઝુંબેશ હાથ ધરશે

નવીદિલ્હી,તા.૧૭




મતદાર યાદીમાંથી નકલી મતદારોને દૂર કરવા માટે ચૂંટણી પંચનું ખાસ સઘન સંશોધન ભારતમાં ગેરકાયદેસર રહેતા વિદેશી નાગરિકોને દેશમાંથી બહાર કાઢવામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. બિહારથી શરૂ થયેલી આ કવાયતને દેશભરમાં લાગુ કરવાની યોજના છે. આનાથી મતદાર યાદી પણ શુદ્ધ થશે અને આંશિક રીતે, પરંતુ મોટી સંખ્યામાં ગેરકાયદેસર વિદેશીઓ સરકારના રડાર હેઠળ આવશે.

આ રાજ્ય દ્વારા લાગુ કરવાની અને સમગ્ર દેશની મતદાર યાદીને મજબૂત બનાવવાની યોજના ચૂંટણી પંચ ધરાવે છે. આ નિર્ણય કમિશન દ્વારા તમામ રાજકીય પક્ષો સાથે ચર્ચા કર્યા પછી લેવામાં આવ્યો હતો. આમ છતાં, વિરોધ પક્ષોની આશંકાને કારણે, મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. જ્યાંથી, ૨૮મીએ સુનાવણીમાં લીલી ઝંડી મળ્યા બાદ, કમિશન દેશભરમાં એસઆઈઆર કરવાની યોજનાને અમલમાં મૂકવા માટે પગલાં લેશે. જોકે, ચૂંટણી પંચનો એસઆઈઆર દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા તમામ વિદેશીઓને શોધી શકશે નહીં.

# બિહારની પારસ હોસ્પિટલમાં ગોળીબારની ઘટના બાદ વિપક્ષોએ એનડીએ સરકારની ટીકા કરી

(એચ.એસ.એલ),પટણા,તા.૧૭

રાષ્ટ્રીય જનતા દળના સાંસદ મનોજ કુમાર ઝાએ ગુરુવારે પારસ હોસ્પિટલમાં ગોળીબારની ઘટના અંગે બિહારની એનડીએ સરકારની ટીકા કરી અને કહ્યું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ રાષ્ટ્રીય ચિંતાનો વિષય હોવી જોઈએ. રાજદના રાજ્યસભાના સાંસદે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે બિહાર આખા દેશ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ... બિહારમાં દરરોજ ગુનાઓ થાય છે. સાંસદ મનોજ ઝા અહીં અટક્યા નહીં, તેમણે મફત યોજનાઓ અને વીજળી અંગે નીતિશ સરકાર પર પણ કટાક્ષ કર્યો. ચૂંટણી પહેલા બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ઝાએ કહ્યું કે આ કોઈ માસ્ટર સ્ટ્રોક નથી. તે બીજા માસ્ટર પાસેથી ઉધાર લીધેલો સ્ટ્રોક છે. તેમણે ૨૦૦ યુનિટ મફત આપવાનું વચન આપ્યું હતું.

# સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાની મુશ્કેલીમાં વધારો, ઈડીએ અનેક મિલકતો જપ્ત કરી

નવીદિલ્હી,તા.૧૭



જાણીતા ઉદ્યોગપતિ અને સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાની મુશ્કેલીઓ વધી ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ગુરુગ્રામ જમીન કૌભાંડ કેસમાં રોબર્ટ વાડ્રા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. રોબર્ટ વાડ્રા અને તેમની કંપનીઓ જેવી કે સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડની કુલ ૪૩ સ્થાવર મિલકતો જપ્ત કરવામાં આવી છે. વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ૨૦૦૮માં ૭.૫ કરોડ રૂપિયામાં ૩.૫૩ એકર જમીન ખરીદી હતી. આ જમીન ગુરુગ્રામના શિખોપુરમાં ખરીદવામાં આવી હતી.

આરોપો અનુસાર, પ્રોજેક્ટ પૂર્ણ કર્યા વિના જ એટલી જ જમીન ૫૮ કરોડ રૂપિયામાં વેચવામાં આવી હતી. ચાર્જશીટમાં રોબર્ટ વાડ્રાને આરોપી બનાવવામાં આવ્યા છે. આ કેસમાં ઈડીએ રોબર્ટ વાડ્રાની ૧૮ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી હતી. રોબર્ટ વાડ્રાની સાથે હરિયાણાના ઘણા અન્ય કોંગ્રેસ નેતાઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

# યોગી સરકાર પ્રવાસનને મજબુત બનાવવા પ્રાચીન શિવ મંદિરોનું નવીનીકરણ કરશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૭

પર્યટન વિભાગ, યુપી પ્રોજેક્ટ કોર્પોરેશન લિમિટેડ અને યુપી રાજ્ય પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડના સહયોગથી, રાજ્યભરમાં પ્રવાસન માળખાને મજબૂત બનાવવા માટે અનેક પ્રોજેક્ટ્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, સરકાર ઘણા પ્રાચીન શિવ મંદિરોનું નવીનીકરણ કરશે. અગાઉની સરકારોમાં ઉપેક્ષાને કારણે આમાંથી મોટાભાગના મંદિરો જર્જરિત સ્થિતિમાં હતા. છેલ્લા આઠ વર્ષમાં, રાજ્ય સરકારે ૧૮૮ પ્રાચીન મંદિરોનું નવીનીકરણ કર્યું છે. મુખ્યમંત્રીના નિર્દેશો હેઠળ કરવામાં આવી રહેલા આ કાર્યો માત્ર ધાર્મિક પ્રવાસીઓ અને યાત્રાળુઓની સંખ્યામાં વધારો કરી રહ્યા નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્ર અને રોજગારની તકોને પણ વેગ આપી રહ્યા છે. ગોરખપુરમાં ભુલેશ્વર મંદિર, ખજની મહાદેવ શિવ મંદિર અને ઝારખંડી મહાદેવ મંદિર અને ગોંડામાં તીરે મનોરમા મંદિરનો પ્રવાસન વિકાસ યુપી રાજ્ય પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ દ્વારા કરવામાં આવશે.

# અમદાવાદ વિમાન દુર્ઘટના : પાઈલટને દોષી ઠેરવવાના અહેવાલથી ભારતીય પાઈલટ્સ ફેડરેશન ગુસ્સે

નવીદિલ્હી,તા.૧૭



ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સએ અમદાવાદ વિમાન દુર્ઘટના માટે પાઈલટને દોષી ઠેરવવાના અહેવાલ પર નારાજગી વ્યક્ત કરી છે. સંગઠનના પ્રમુખ સીએસ રંધાવાએ ગુરુવારે આ મીડિયા રિપોર્ટની ટીકા કરી હતી. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ગયા મહિને અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનના કેપ્ટને ઈરાદાપૂર્વક એન્જિનમાં ફ્યુઅલ બંધ કર્યું હતું. કેપ્ટન રંધાવાએ આ દાવાઓને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે મીડિયા સંગઠન સામે કાર્યવાહી કરવામાં આવશે. કેપ્ટન સીએસ રંધાવાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક અહેવાલમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ નથી કે કોઈ પણ પાઈલટે એન્જિનને તેલ પૂરું પાડતી સ્વીચ બંધ કરી દીધી હતી. કેપ્ટન સીએસ રંધાવાએ કહ્યું, "રિપોર્ટમાં ક્યાંય એવું લખ્યું નથી કે પાઈલટની ભૂલને કારણે ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ બંધ થઈ ગઈ હતી.

# વરસાદ અને ભૂસ્ખલન, ખરાબ હવામાનને કારણે પહેલગામ અને બાલતાલથી અમરનાથ યાત્રા સ્થગિત

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૧૭



ખરાબ હવામાનને કારણે, ગુરુવારે અમરનાથ યાત્રા માટે જમ્મુના યાત્રી નિવાસથી બેચ રવાના થશે નહીં. હવે હવામાન અનુકૂળ હોય ત્યારે ભક્તો અહીંથી રવાના થશે. અગાઉ, વહીવટીતંત્ર દ્વારા ૧૫ બેચ સફળતાપૂર્વક મોકલવામાં આવી છે. પહેલગામ અને બાલતાલ બેઝ કેમ્પ બંનેથી શ્રી અમરનાથજી યાત્રા આજ માટે સ્થગિત કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદને કારણે, રસ્તાઓ પર તાત્કાલિક સમારકામ અને જાળવણી કાર્ય હાથ ધરવાની જરૂર છે. તેથી, એવું નક્કી કરવામાં આવ્યું છે કે આજે બંને બેઝ કેમ્પથી પવિત્ર ગુફા તરફ કોઈ પણ પ્રકારની અવરજવરની મંજૂરી આપવામાં આવશે નહીં. જો કે, ગઈકાલે રાત્રે પંચતરણી કેમ્પમાં રોકાયેલા યાત્રાળુઓને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન અને પર્વત બચાવ ટીમોની પૂરતી તૈનાતી હેઠળ બાલતાલ તરફ જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. કાશ્મીરના ડિવિઝનલ કમિશનર વિજય કુમાર બિધુરીએ જણાવ્યું હતું કે, "દિવસ દરમિયાન હવામાનની સ્થિતિને આધારે યાત્રા આવતીકાલે ફરી શરૂ થવાની સંભાવના છે.

# બેંગ્લુરૂમાં થયેલી ભાગદોડ માટે આરસીબી જ જવાબદાર, હાઈકોર્ટમાં સોંપેલા રિપોર્ટમાં ખુલાસો

બેંગ્લુરૂ,તા.૧૭



રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલ ૨૦૨૫ ટ્રોફી જીતી તેની ઉજવણી માટે બેંગલુરુમાં એક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ દરમિયાન ભાગદોડ મચી ગઈ જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. હવે આ મામલે, કર્ણાટક સરકારે હાઈકોર્ટમાં પોતાનો રિપોર્ટ સુપરત કર્યો છે. ચિન્નાસ્વામી નાસભાગ કેસની તપાસના સ્ટેટસ રિપોર્ટમાં બધો દોષ RCB મેનેજમેન્ટ પર ઢોળવામાં આવ્યો છે. કોર્ટે કોર્ટમાં રજૂ કરાયેલા આ સ્ટેટસ રિપોર્ટને જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે.

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળા અને ચંદુભાઈ કોઠીયાએ માર્ગદર્શન આપ્યું : સામાજિક કાર્યો માટે દાનનો પ્રવાહ**

# સુરતમાં 'થર્સ-ડે થોટ' કાર્યક્રમ : સફળ જીવન માટે પ્રગતિશીલ વિચારો અને કોઠાસૂઝ પર ભાર

સુરત, તા.૧૭




શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા ૧૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ વરાછા બેંક ઓડિટોરિયમ ખાતે ૧૧૯મો 'થર્સ-ડે થોટ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હેલ્થ, વેલ્થ અને હેપીનેસને કેન્દ્રમાં રાખી સુખી અને સફળ જીવન માટે પ્રગતિશીલ વિચારોનું વાવેતર કરવાનો હતો. કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, પ્રગતિશીલ વિચારો જ સફળ જીવનની દિશા આપે છે. તેમણે કોઠાસૂઝ (આંતરિક શક્તિ), નીતિમત્તા અને સમજણના મહત્વ પર ભાર મૂક્યો, જે વિકટ પરિસ્થિતિમાં પણ માર્ગદર્શન પૂરું પાડે છે. ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના પૂર્વ વાઈસ પ્રેસિડન્ટ અને કમલમ ફાઉન્ડેશનના ચેરમેન ચંદુભાઈ એમ. કોઠીયાએ કોઠાસૂઝની શ્રેષ્ઠતા દર્શાવતા કહ્યું કે, AI ભલે માનવ જીવનને પ્રભાવિત કરે, પરંતુ તે ક્યારેય કોઠાસૂઝનું સ્થાન લઈ શકશે નહીં. તેમણે પ્રમાણિકતા અને નીતિમત્તાને સફળતાનો આધાર ગણાવ્યા. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ સામાજિક કાર્યો માટે દાનનો પ્રવાહ પણ જોવા મળ્યો હતો. કમલમ ફાઉન્ડેશન, અંકલેશ્વર તરફથી જમનાબા વિદ્યાર્થી ભવન અને કિરણ મહિલા ભવનના નિર્માણ માટે રૂ. ૪૫ લાખના આર્થિક સહયોગનો સંકલ્પ કરાયો. આ ઉપરાંત, ડો. અમુલખભાઈ સવાણી અને ચેતનાબેન સવાણીએ તેમની દીકરીના જન્મદિવસ નિમિત્તે રૂ. ૩૪,૦૦૦/- નો ચેક જય જવાન નાગરિક સમિતિને અર્પણ કર્યો, જ્યારે રામદેવ રેયોન કંપની તરફથી પણ વીર જવાનોના પરિવારો માટે રૂ. ૧,૦૦,૦૦૦/- નો ચેક આપવામાં આવ્યો.

# જો પાકિસ્તાન આતંકવાદ વિરોધી પ્રયાસો કરશે, તો અમે તેનું સમર્થન કરીશું : ચીન

બેઈજિંગ,તા.૧૭



ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટ દરમિયાન આતંકવાદ પર ભારતના કડક વલણને કારણે ચીનને આતંકવાદીઓ સામે ઉભા રહેવાની ફરજ પડી છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ બુધવારે પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે જો ઈસ્લામાબાદ આતંકવાદ વિરોધી પ્રયાસો કરશે, તો ચીન તેના પગલાને સમર્થન આપવાનું ચાલુ રાખશે. આ દરમિયાન વાંગ યીએ પાકિસ્તાનમાં કામ કરતા ચીની નાગરિકો અને પ્રોજેક્ટ્સની સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. બેઈજિંગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, તિયાનજિન શહેરમાં યોજાયેલી આ બેઠકમાં વાંગ યીએ કહ્યું કે ચીન આતંકવાદની સંપૂર્ણ નાબૂદી સુધી પાકિસ્તાન સાથે સહયોગ કરવાનું ચાલુ રાખશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચીની સરકાર પાકિસ્તાનમાં તેના નાગરિકોની સલામતી અંગે ચિંતિત છે અને તેમને વિશ્વાસ છે કે ઈસ્લામાબાદ આ દિશામાં દરેક શક્ય પગલાં લેવાનું ચાલુ રાખશે. ચીન-પાકિસ્તાન મિત્રતાને "અનન્ય અને સમયની કસોટી" ગણાવતા, વાંગ યીએ કહ્યું કે બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય બેઠકો વ્યૂહાત્મક ભાગીદારીની ઊંડાઈ દર્શાવે છે.

# પાકિસ્તાનમાં ૩ સગીર હિન્દુ છોકરીઓનું અપહરણ કર્યા બાદ ફરજિયાત ધર્માંતરણ કરી લગ્ન કરાવાયા

ઈસ્લામાબાદ,તા.૧૭



પાકિસ્તાનમાં લઘુમતીઓ પર અત્યાચાર એ કોઈ નવી વાત નથી. પાકિસ્તાનમાં રહેતા હિન્દુ સમુદાયના લોકો દાયકાઓથી અત્યાચારનો સામનો કરી રહ્યા છે. હવે સિંધ પ્રાંતમાંથી હિન્દુઓ પર અત્યાચારના વધુ એક આઘાતજનક સમાચાર આવ્યા છે. માહિતી અનુસાર, સિંધ પ્રાંતના હૈદરાબાદ શહેરમાં ત્રણ સગીર હિન્દુ છોકરીઓ સાથે એક હૃદયદ્રાવક ઘટના બની છે. આ છોકરીઓનું પહેલા અપહરણ કરવામાં આવ્યું હતું, પછી તેમનું ધર્માંતરણ કરીને મુસ્લિમ વ્યક્તિઓ સાથે લગ્ન કરાવવામાં આવ્યા હતા. લઘુમતી હિન્દુ સમુદાયના લોકોએ સગીર છોકરીઓ પર થતા અત્યાચારનો વિરોધ કર્યો છે. આ પછી, પીડિત પરિવારોની ફરિયાદના આધારે પોલીસે FIR નોંધી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ૧૩ જુલાઈના રોજ સિંધ પ્રાંતના સંઘાર જિલ્લામાંથી હિન્દુ સમુદાયની ૩ સગીર છોકરીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ પછી, તેમનું બળજબરીથી ધર્માંતરણ કરીને મુસ્લિમ વ્યક્તિઓ સાથે લગ્ન કરાવવામાં આવ્યા હતા. જોકે, ત્રણેય છોકરીઓ બુધવારે સિંધ હાઈકોર્ટની હૈદરાબાદ બેન્ચ સમક્ષ હાજર થઈ અને સ્વેચ્છાએ ધર્માંતરણ કરીને મુસ્લિમ યુવાનો સાથે લગ્ન કર્યા હોવાની કબૂલાત કરી હતી.

## પોલીસ, ખાણ-ખનીજ વિભાગ કે આરટીઓને ઓવરલોડિંગ વાહનો દેખાતા ન હોવાથી ગ્રામજનોમાં રોષ

# જાફરાબાદ પંથકમાં ઓવરલાડિંગ પથ્થરો ભરેલા ટ્રકની અવરજવર, તંત્રને અંધાપો

જાફરાબાદ,તા.૧૭

રાજુલા ધાતવરડી ડેમ નજીક આવેલ મહાકાય ક્વોરી લિઝ ભરડીયાઓ રાત દિવસ ધમધમી રહ્યા છે. હેવી બ્લાસ્ટ કરી મહાકાય મોટા પથ્થરો કાઢવામાં આવે છે. આ પથ્થરો જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામ નજીક આવેલ સ્વાન એનર્જી કંપની દ્વારા જેટી બનાવવા માટેની કામગીરીમાં નાખવામાં આવે છે. છેલ્લા ૪ વર્ષ કરતા વધુ સમયથી ઓવરલોડિંગ પથ્થરો ભરી દરિયા કિનારે ઠાલવવાની કામગીરી ચાલી રહી છે. ટ્રકચાલકો અતિ જોખમી રીતે ટ્રકોમાં મોટા પથ્થરો ભરી ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી રહ્યા છે. ભારે પથ્થરોના કારણે ટ્રકો પલટી મારી જવાના બનાવો વધી રહ્યા છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં વિરોધનો સુર ઉઠી રહ્યો છે. વધુ એક પથ્થર ભરેલ ટ્રક જાફરાબાદ તાલુકાના વાંઢ ગામથી વારાહસ્વરૂપ જવાના માર્ગે પલટી મારી જતા અફડા તફડી મચી હતી. આસપાસના લોકો દોડી આવ્યા હતા. ટ્રકચાલકનો આબાદ બચાવ થયો હતો. કલાકો સુધી માર્ગ બંધ રહેતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાંઢ ગામના સ્થાનિક આગેવાન રાજુભાઈ રબારીએ જણાવ્યું કે આ વાંઢ અને વારાહસ્વરૂપને જોડતો મુખ્ય માર્ગ છે. મોટા પથ્થરો ઓવરલોડિંગ ભરીને ટ્રકો સ્વાન કંપનીમાં જાય છે. વાંઢ ગામથી વારાહસ્વરૂપ જવાના માર્ગ વચ્ચે આવી રીતે ટ્રક પલટી મારી જતા રસ્તો બંધ થાય છે. આ પહેલીવારની ઘટના નથી આવું તો અહીંયા ચાલુ જ હોય છે. ક્યારેક ટ્રક ફસાઈ જાય છે અને પલટી જવાનું તો શરૂ જ હોય છે જેના કારણે અન્ય વાહનચાલકો, ગ્રામજનો




પરેશાન છે. વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. અહીં આવેલ અલ્ટ્રાટ્રેક કંપનીમાં કામ કરતા કર્મચારીઓ પસાર થાય છે તે પણ ભારે પરેશાન થાય છે. મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા કઈક ઉકેલ લાવવા માટે લોકોની માંગ છે.

### પથ્થરો ભરેલો ટ્રક પલટી ખાઈ જતા કલાકો સુધી વાહનવ્યવહાર ઠપ્પ

### પથ્થર ભરેલા ટ્રક વારંવાર પલટી મારી રહ્યા છે

અગાઉ થોડા દિવસ પહેલા આગરીયા ગામ નજીક રોડ ઉપર ઓવરલોડિંગ પથ્થર ભરેલ ટ્રક પલટી મારી જતા પથ્થર રોડ ઉપર પડ્યા હતા. ત્યારબાદ ચારનાળા નજીક બ્રિજ ઉપર ટ્રક પલટી મારી ગયો હતો, મિતિયાળા નજીક પલટી મારી હતી, લોઠપુર, વાંઢ, વારાહસ્વરૂપમાં વારંવાર પથ્થર ભરેલ ટ્રક પલટી મારી જાય છે.હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નથી આવી.

### કંપની સામે જિલ્લા ટ્રાફિક શાખા, આરટીઓ લાજ કાઢે છે

અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા, આર.ટી.ઓ. વિભાગ, જાફરાબાદ પોલીસ, મામલતદાર વહીવટી શાખા દ્વારા પથ્થર ભરેલા કોઈ વાહનોનું ચેકીંગ કરવામાં આવતું નથી. ડિટેઈન કરવાની હિંમત પણ અધિકારીઓમાં નથી જેના કારણે વિસ્તારમાં અધિકારીઓ, કર્મચારીઓ સામે સવાલો ઉઠી રહ્યા છે. ખાણ ખનીજ વિભાગ સામાન્ય વાહનચાલકોને દંડનાત્મક કાર્યવાહી કરતી હોય છે પરંતુ ઓવરલોડ પથ્થર ભરેલ ટ્રક સામે કાર્યવાહી કરવા માટે સંયુક્ત ટીમો બનાવી અભિયાન હાથ ધરવા માટે માંગ ઉઠી છે.

### ધાતરવડી ડેમનો સર્વે રિપોર્ટ હજુ જાહેર નથી થયો

રાજુલા ધાતરવડી ડેમ નજીક ભરડીયા ધમધમી રહ્યા છે. ડેમને નુકસાન થવાની ફરિયાદો બાદ સિસ્મોલોજી મારફતે સર્વે કરવાની કામગીરી હાથ ધર્યા બાદ ધાતરવડી ડેમ-૧ આખો પાણીથી છલોછલ ભરેલ છે અને બાજુમાં ભરડીયામાંથી બ્લાસ્ટિંગ કરી પથ્થરો કાઢવા માટે રાત દિવસ કામગીરી શરૂ કરવામાં આવી છે. ભરડીયાની મહાકાય ખાણ મોતની ખાણ બની રહી છે. ઉદ્યોગોમાં પથ્થર ગેરકાયદેસર ઓવરલોડિંગ જઈ રહ્યા છે. ઉચ્ચ અધિકારીઓ તમાશો જોઈ રહ્યા છે.






# જામકંડોરણાના પાદરિયા ગામે તળાવમાં ડૂબી જવાથી ૩ બાળકોના મોત

રાજકોટ,તા.૧૭

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના પાદરિયા ગામમાં તળાવમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત થયા છે. ખેતીકામ કરતા એક પરિવારના બાળકો તળાવમાં નહાતા હતા અને ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું હતું. ત્રણેય બાળકોના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢીને જામકંડોરણા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. મળતી વિગતો અનુસાર, રાજકોટ જિલ્લાના જામકંડોરણાના પાદરિયા ગામમાં



ત્રણ બાળકો તળાવમાં પડી જવાની ઘટના બની હતી. ગુરૂવારે સવારે ત્રણેય બાળકો તળાવમાં નહાવા ગયા હતા અને તેઓ ડૂબી ગયા હોવાનું જાણવા મળ્યું હતું, ગામના સરપંચ અને સ્થાનિક તરવૈયા દ્વારા તેમના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. તપાસ બાદ, એવું બહાર આવ્યું હતું કે ત્રણેય બાળકો ખેતમજૂર પરિવારના હતા અને તેમના મૃતદેહને જામકંડોરણા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મામલતદાર અને પોલીસ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે બાળકોના મૃત્યુ થતા ખેડૂત પરિવાર શોકમાં છે. ભાવેશ ડાંગી (ઉંમર ૯), હિતેશ ડાંગી (ઉંમર ૮) અને નિતેશ માવી (ઉંમર ૭) તળાવમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા, જ્યાં ભાવેશ ડાંગી અને હિતેશ ડાંગી બંને ભાઈઓ છે.








